## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૮માં યોજાનાર ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૪૫ વર્ષથી યોજાતી નાટ્ય સ્પર્ધા ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર ૨૦૧૮માં યોજવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત(ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹ ૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૨૬/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

:: પ્રેસનોટ ::

''૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે સાયકલ રેલી, વોલ પેઈન્ટીંગ અને વકતૃત્વ સ્પર્ધા

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે સાયકલ રેલ, વોલ પેઈન્ટીંગ અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન.

૫મી જુન ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી નિમિત્તે તા.૦૫/૦૬/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૬.૩૦ કલાકે સાયકલોથોન(સાયકલ રેલી)નું આયોજન એસ.વી.એન.આઈ.ટી. સર્કલથી કારગીલ ચોક થઈ વાય જકશંન વી.આર.મોલથી પરત એસ.વી.એન.આઈ.ટી. સર્કલ સુધી, ગૌરવ પથ, સુરત–ડુમસ રોડ, સુરત કરવામાં આવ્યું હતું. 'ગ્લોબલ વોર્મિંગ''ની વિષમ પરિસ્થિતિમાં સામાન્ય જનજીવન ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યું છે ત્યારે નગરજનોમાં પર્યાવરણની જાળવણી બાબતે જાગૃતિ અર્થે યોજાયેલ આ સાયકલ રેલીને માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહએ સવારે ૬.૩૦ કલાકે એસ.વી.એન.આઈ.ટી.સર્કલથી ફલેગ ઓફ કરાવી પ્રસ્થાન કરાવ્યું હતું. જે કારગીલ ચોક, રાહુલ રાજ મોલ થઈ, વાય જંકશન– વી.આર.મોલથી પરત એસ.વી.એન.આઈ.ટી. સર્કલ પાસે રેલીનું સમાપન થયું હતું. સાયકલ રેલીમાં સામેલ ૩૦૦થી વધુ પર્યાવરણપ્રેમી સાયકલ સવારોને કેપ આપવામાં આવી હતી. સાયકલીસ્ટો માટે એનર્જી ડ્રીંકસ–પીવાના પાણી, અલ્પાહાર, મોબાઈલ મેડીકલ ટીમ, ફાયર, સિકયુરીટી અને ટ્રાફિક વિભાગના સ્ટાફની પુરતી વ્યવસ્થા કરવામાં આવી હતી.

સુર્યપુર રત્ન એવોર્ડ વિજેતા શ્રી નિમેષભાઈ વશી અને રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તરફથી સુરતને ''ચોખ્ખું અને હરિયાળું'' બનાવવા માટે મળેલ અનુદાન ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ''ના વ્યાજમાંથી સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષ એન્વાયરમેન્ટને લગતી વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવામાં આવે છે. આજે સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ''ની વિઘાતક અસર થઈ રહી છે ત્યારે શહેરીજનોમાં પર્યાવરણની જાળવણી અને તેને લગતા વિષયો બાબતે જાણકારી વધે તે હેતુસર ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ સવારે ૭.૩૦ કલાકે સાયન્સ સેન્ટર ખાતે વોલ પેઈન્ટીંગ સ્પર્ધા અને સવારે ૧૦.૩૦ કલાકે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે કરવામાં આવ્યું હતું. વોલ પેઈન્ટીંગ સ્પર્ધામાં ૨૦ કલાકારોએ પર્યાવરણ જાળવણી સંબંધિત જનજાગૃતિના સંદેશાત્મક ચિત્રોનું સર્જન કર્યુ હતું. વકતૃત્વ સ્પર્ધામાં ૧૮ સ્પર્ધકોએ સ્થળ પર આપવામાં આવેલ વૃક્ષોનો નાશ, પર્યાવરણનો વિનાશ, કુદરતી સંપદા એટલે વૃક્ષો, ગ્લોબલ વોર્મિંગ–એક સમસ્યા, પર્યાવરણ જાગૃતિ, સમાજને આભારી, વૈશ્વિક પર્યાવરણ માનવજીવનની જડીબુટ્ટી વિષયો પર પર્યાવરણ અંગેની સમસ્યાઓ અને તેની જાળવણી માટે શું પગલાં લઈ શકાય ? તેની કહેવતો અને કવિતાઓ ટાંકીને ચિંતનાત્મક વકતવ્યો રજુ કર્યા હતા. બન્ને સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| **વિજેતા** | વોલ પેઈન્ટીંગ સ્પર્ધા | વકતૃત્વ સ્પર્ધા |
|---|---|---|
| **પ્રથમ** | હળપતિ જય વી. | ધાર્મિક મુકેશભાઈ લાખાણી |
| **દ્વિતીય** | પટેલ અનિલભાઈ ડી. | પટેલ આશાબેન વિસાભાઈ |
| **તૃતીય** | ડાભી ગિરિશભાઈ ધનજીભાઈ | મેવાવાલા જેન્સી પંકજભાઈ |
| **આશ્વાસન** | ધ્રાંગધરિયા યોગેશ મહેન્દ્રભાઈ | વોરા મયુર નરેશભાઈ |
| | કાનાણી ખુશ્બુ પરેશભાઈ | રામસ્નેહી મેઘના |
| | ગજજર હેતલ જીતેન્દ્રકુમાર | – |

સ્પર્ધાના વિજેતાઓને માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન પી.શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓના હસ્તે રોકડ ઈનામ, ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં યોજયેલ સાયકલ રેલી અને વોલ પેઈન્ટીંગ તથા વકતૃત્વ સ્પર્ધામાં પર્યાવરણ અને કલા પ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સાયકલ સવારો અને સ્પર્ધક કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

# પ્રેસનોટ

# ગાર્ડન ખાતુ

# સુરત મહાનગરપાલિકા

## <u>૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.</u>

૫ જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૪૩ (ભીમરાડ)ના, ફા.પ્લોટ નં.૮૭, માન સરોવર બંગ્લોઝની બાજુમાં, કાકરા ખાડી બ્રિજ પાસે, ભીમરાડ, ખાતે આવેલ સુચિત બાગ મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને અને ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા (પ્રજાપતિ)ના વરદ્ હસ્તે સુચિત બાગથી ૫૧૦ નંગ વડ, પીપળા, લીમડા, એરીકાપામ વિગેરે ઓકિસજન આપતા વૃક્ષોના રોપાનું વૃક્ષારોપણ અને વિનામૂલ્યે વિવિધ પ્રકારના ૧૦૫૦ નંગ છાયા વૃક્ષોના રોપા જેવા કે, ટેકોમા, એરીકાપામ, આસોપાલવ, અશોક, જાસુદ, ટગરી, અરડુસી, લીમડા વિગેરે રોપા વિતરણ કરવામાં આવેલ હતું. વૃક્ષારોપણ કાર્યક્રમ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમમાં મા. ડે. મેયર શંકરલાલ ચેવલી, મા.ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, માન.નેતા, શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.અધ્યક્ષા, સમાજ કલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ, ગટર સમિતિ અધ્યક્ષા શ્રીમતી સુધા મુકેશ નાહતા, જાહેર પરીવહન પ્રવૃતિ સમિતિના અધ્યક્ષશ્રી અનિલ દિપચંદ ગોપલાણી, તથા વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓ સાથે શહેરના મહાનુભવો, નગરસેવકો, નગરજનો અને રાયન ઈન્ટરનેશનલ શાળાના વિદ્યાર્થીઓ / શિક્ષકો હાજર રહી કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. કાર્યક્રમમાં મા.મેયરશ્રી અધ્યક્ષ સ્થાને પર્યાવરણ જાળવણી અને સાફ સફાઈ માટે સમુહમાં પ્રતિજ્ઞા લેવામાં આવેલ તેમજ મા.મેયરશ્રી દ્વારા સદર સંદેશો જનજાગૃતિ માટે રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવેલ હતું.

વધુમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા દ્વારા રોપાઓનું વિતરણ ગજેરા વિદ્યાભવન, વરાછા કો.ઓ. બેંક, ભારત સંચાર નિગમ લી., શ્રી સ્વામી નારાયણ મીશન, નેચર બુક, તેરાપંથ યુવક પરિષદ, માનવ ઉત્થાન સેવા સમિતિ, કૈલાશ સેવા સંસ્થા, લાયન્સ કલબ, વનિતા વિશ્રામ ટ્રસ્ટ, નેશન ફસ્ટ ફાઉન્ડેશન, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, એસ.ડી. જે. ઈન્ટરનેશનલ કોલેજ, બ્રીટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ, ભેસ્તાન સોલીડ વેસ્ડ ટ્રાન્સફર સ્ટેશન, ઉધના એકેડમી એજયુકશેન ટ્રસ્ટ, ઉન અર્બન હેલ્થ સેન્ટર, વેસ્ર્ટન રેલ્વે – ઉધના, આકાશ મહિલા મંડળ પાંડેસરા, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ સુરત, સી.ઈ.ટી.પી. પાંડેસરા, તેમજ નગરજનો અને રાહદારીઓ મારફત કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકાના ગાર્ડન ખાતા દ્વારા જે તે ઝોનમાં જુદા જુદા જે તે બાગોમાં ૩૨૮૧, રોડ સાઈડ ૨૦૯ અને રોડ ડીવાઇડરોમાં ૨૫૦, ખુલ્લા પ્લોટો અને અન્ય સ્થળોએ ૧૨૪૩ **મળી કુલ ૪૯૮૩ વૃક્ષોના રોપાઓનું પ્લાન્ટેશન અને ૫૬૯૬ વિનામૂલ્યે રોપાઓનું વિતરણ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે કરવામાં આવેલ હતું.**

આ ઉપરાંત ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે સાયન્સ સેન્ટર ખાતે અન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ પ્રેરિત સુ.મ.પા. સંચાલીત વોલ પેઈન્ટીગ સ્પર્ધામાં ૨૪ સ્પર્ધકો તેમજ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે વકતૃત્વ સ્પર્ધા ૧૭ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે પર્યાવરણ જાગૃતિ હેતુસર વિવિધ પ્રકારના પર્યાવરણલક્ષી સંદેશો આપતા બેનરો પ્રસિઘ્ધ કરવામાં આવેલ તેમજ આર્યુવેદાય અમૃતાનામઃ ઔષધિય વનસ્પતિનું પ્રદર્શન સાયન્સ સેન્ટર ખાતે આર્ટ ગેલેરીમાં તા.૦૫/૦૬/૧૮ થી તા.૧૭/૦૬/૧૮ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે.





પ જૂન
ઉજવણી નિમિત્તે વૃક્ષારો

**:: પ્રેસનોટ ::**

## સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"નો સમાપન સમારોહ

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ "સમર કેમ્પ"નો સમાપન સમારોહ**

સુરત મહાનગરપાલિકા દ્વારા સમર કેમ્પ–૨૦૧૮ અંતર્ગત શહેરના યુવાનો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા "શોર્ટ ફિલ્મ મેકીંગ" કેમ્પ(ટુંકી ફિલ્મ બનાવવાનો શિબિર)નું આયોજન તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન ઓડિયો વિઝયુઅલ રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણીએ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી.શિરોયાના વરદ હસ્તે શુભારંભ થયેલ સમરકેમ્પ–૨૦૧૮ના કેમ્પ કો–ઓર્ડીનેટર નરેશ કાપડીઆ અને તેમના સહાયકો ગૌરાંગ શાહ અને જયોતિ જરીવાલાએ આજના યુગમાં મોબાઈલથી ટૂંકી ફિલ્મ કેવી રીતે બનાવી શકાય ? તે અંગે પ્રશિક્ષણ આપ્યું હતું. આ કેમ્પમાં શોર્ટ ફિલ્મ માટેનો વિષય નકકી કરવો, તે અંગે સર્વે કરી ડેટા ભેગો કરવો, સ્ક્રીપ્ટ લેખન, શૂટિંગ માટેની જરૂરિયાતો સમજવી, શૂટિંગ કરવું, કેમેરાના વિવિધ એન્ગલ સમજવા, તેમાં વલઈ ઓવર–મ્યુઝીક ઉમેરવું. ફિલ્મ એડિટ કરવી અને તેને સોસીયલ મીડિયા પર રીલીઝ કરવા જેવી બાબતોની તાલીમ મેળવી હતી. ભાગ લીધેલ ૪૫ જેટલા શિબિરાર્થીઓએ સુરતની ઐતિહાસિક ઈમારતો, કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, નેશનલ બુક ફેર, કિલ્લો, સાયન્સ સેન્ટર, પરફોર્મિંગ આર્ટ સેન્ટર, ટાઉન હોલ્સ, રીવર ફ્રન્ટ, એકવેરિયમ, નેચર પાર્ક, સ્માર્ટ સીટી, ડાયમંડ સીટી, મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમો, નગરજનોને અપાતી પ્રાથમિક સુવિધાઓ જેવા વિષયો પર ત્રીસથી વધુ ટૂંકી ફિલ્મો બનાવવાનો પ્રેકટીકલ અનુવભ લીધો હતો. સમર કેમ્પમાં શિબિરાર્થીઓને દેશ–વિદેશમાં બનેલી અનેક ફિલ્મો બતાવી કોઈ પણ વિષય ઉપર વધુ મોંઘા સાધનો વિના પોતાના મોબાઈલ દ્વારા શોર્ટ ફિલ્મ બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન બ્લાઈન્ડ સ્કૂલના રેકોર્ડીંગ સ્ટુડિયોની વિઝીટ કરીને સ્ટુડીયો વર્ક માટેના બેઝીકસની પ્રત્યક્ષ તાલીમ મેળવી હતી. ફીલ્ડ પ્રેકટીસ રૂપે ગોપીપુરા હેરીટેજ વોક પર જઈ એ વિષય પર ફિલ્મો બનાવી હતી.

તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગ રૂપે સાયન્સ સેન્ટરના ઓડિટોરીયમમાં યોજાયેલ વોલ પેઈન્ટીંગ અને વકતૃત્વ સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં શિબિરાર્થીઓએ સમરકેમ્પમાં બનાવેલી કેટલીક પસંદગીની ફિલ્મો માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન પી.શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પ્રેક્ષાગારમાં ઉપસ્થિત કલાપ્રેમી શહેરીજનોએ નિહાળી હતી. તમામ શિબિરાર્થીઓને પ્રોત્સાહનરૂપે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતાં.



સુરત મહાનગરપાલિકા દ્વારા સમર કેમ્પ–૨૦૧૮ અંતર્ગત તા.૧૫/૦૫/૨૦૧૮ થી તા.૦૩/૦૬/૨૦૧૮ દરમ્યાન યોજાયેલ "શોર્ટ ફિલ્મ મેકીંગ" કેમ્પના સાયન્સ સેન્ટર ખાતે સમાપન સમારોહમાં શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરતાં માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

# પ્રેસનોટ

# નોર્થઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા,સુરત.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નોર્થઝોન(કતારગામ) અમરોલી વિસ્તારના કાર્યક્ષેત્રમાં આવેલ મીલેનીયમ પાર્ક દુકાન નં.–૨, પટેલ ટ્રેડર્સ આવેલ છે. સદર સંસ્થામાં તા.૦૬/૦૬/૨૦૧૮ ના રોજ નાયબ આરોગ્ય અધિકારી , કુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક આજર રહી ઓપરેશન હેલ્થ કેર ટીમ ધ્વારા સ્થળ તપાસ કરતા પ્રતિબંધિત પ્લાસ્ટીક સંગ્રહ કરેલ માલમ પડેલ જેમાં કુલ ૮૨ કિ.ગ્રામ જથ્થો જપ્ત કરવામા આવેલ છે. વહીવટી ખર્ચ રૂા. ૪,૦૦૦/– (ચાર હજાર પુરા ) વસુલ કરવામા આવેલ છે. તેમજ સંસ્થા પાસે પ્રતિબંધિત પ્લાસ્ટીક ન રાખવા બાહેધરી આપેલ છે.

વધુમાં કતારગામ ઝોનના અમરોલી વોર્ડ વિસ્તારમાં આવેલ તા.૦૫/૦૬/૨૦૧૮ ના રોજ ઓતરેશન હેલ્થ કેર અંતર્ગત અનઅધિકૃત શાકભાજી માર્કેટ મુખ્યમંત્રી આવાસ વિસ્તરમાથી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૦૬ કિ.ગ્રામ જપ્ત કરી તેમજ અખાધ પદાર્થ નો ૧૫ કિલો અંદાજીત જથ્થાનો નાશ કરવામા આવેલ છે. અને રૂા . ૪,૮૦૦/– વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. સ્ટોલ ધારકોને પ્રતિબંધિત પ્લાસ્ટીક ન રાખવા તેમજ સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્ય શીક્ષણ આપવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે અને રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે. જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનુ નામ અને સરનામુ | લીધેલ નમુના |
|---|---|---|
| ૧. | એ વન કોલ્ડ્રીકસ સેન્ટર<br>જુના કોગ્રેસ હાઉસની ગલી, ચોકબજાર, સુરત | કોલ્ડ કોકો |
| ૨. | ગોકુલમ<br>અશોક નગરની સામે, અઠવાલાઈન્સ, સુરત | કોલ્ડ કોકો |
| ૩. | નવરંગ જયુસ સેન્ટર<br>રેલ્વે સ્ટેશન રોડ, સુરત | ફુડ સલાડ |
| ૪. | કિશોર કોલ્ડ્રીંગસ<br>બદ્રી રોડ, સુરત | – ફાલુદો<br>– કોલ્ડ કોકો |
| ૫. | કનૈયા ડેરી<br>આર્શિવાદ કોમ્પલેક્ષ, કતારગામ, સુરત | કોલ્ડ કોકો |
| ૬. | શ્રીજી ડેરી એન્ડ ફાસ્ટફુડ<br>રવિતેજ એપાર્ટ, અડાજણ, સુરત | કોલ્ડ કોકો |
| ૭. | જલારામ ડેરી<br>અઠવા ઝોન ઓફિસની સામે, આર્દશ સોસા., સુરત | કોલ્ડ કોકો |
| ૮. | સુર ડેરી ફ્રેશ<br>કમલ પાર્ક–૨, કાપોદ્રા, સુરત | – કોલ્ડ કોકો<br>– માવા બદામ પિસ્તા આઈસ્ક્રીમ |

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનના ભાગરૂપે તા. ૦૫/૦૬/૧૮ થી તા.૧૧/૦૬/૧૮ સુધી " પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન " સપ્તાહની કામગીરી સંદર્ભે સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–</u>**

ઉપરોકત અભિયાન અંતર્ગત તા.૦૬/૦૬/૧૮ ના રોજ આરોગ્ય વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન વેસુ વોર્ડ અંતર્ગત આવેલ

(૧) વેસુ ચાર રસ્તા – એસ.ડી. જૈન સ્કુલ સામે થી વિજયાલક્ષ્મી હોલ થઈ સીધ્ધી વિનાયક મંદિર સુધી (ડાબીબાજુ)

(૨) વેસુ ચાર રસ્તા – એસ.ડી. જૈન સ્કુલ સામે થી વિજયાલક્ષ્મી હોલ થઈ સીધ્ધી વિનાયક મંદિર સુધી (જમણીબાજુ

(૩) સિધ્ધી વિનાયક મંદિર થી ગણગોર ચાર રસ્તા (ડાબીબાજુ)

(૪) સિધ્ધી વિનાયક મંદિર થી ગણગોર ચાર રસ્તા (જમણીબાજુ)

(૫) એસ.એન.એસ. થી રીલાયન્સ મોલ થી સોમેશ્વરા

(૬) આગમ આર્કેડ થી સુડા ભવનથી સોમશ્વરા સોસાયટી પાર્ક

(૭) હેમ્પટન પાર્ક થી જોલી પાર્ટી પ્લોટ

(૮) વેસુ વોર્ડ ઓફિસ થી વેસુ ગામ

**સફાઈ ઝુંબેશ તા.૦૬/૦૬/૧૮ના રોજ કરવામાં આવેલ જે અન્વયે મા.મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા શ્રી ઈશ્વરભાઈ પરમાર, શાસક પક્ષના મહામત્રીશ્રી અટોદરીયા , મેયરશ્રી, ડે.મેયરશ્રી, શાસકપક્ષ નેતાશ્રી, સાંસ્કૃતિક સમિતિ, ચેરમેનશ્રી , ટ્રાન્સપોર્ટ સમિતિ ચેરમેનશ્રી ,વિવિધ સમીતીના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ તથા સુપરવાઈઝરી સ્ટાફ તેમજ કર્મચારી સહિત અંદાજે ૧૭૨ જેટલા વ્યકિતઓ દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. સદર વિસ્તારોમાંથી ૪.૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.**






સુરત મહાનગરપાલિકા
૫ મી
વિશ્વ

# <u>પ્રેસનોટ</u>

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને આરોગ્યઅધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનવિસ્તારમાં જે તે ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓની સીધી દેખરેખ હેઠળ ઝોનનાં આરોગ્ય સ્ટાફ ધ્વારા આજ રોજ તા. **<u>તા. ૦૭–૦૬–૨૦૧૮</u>** નાં રોજ **<u>પ્રતિબંધિત પ્લાસ્ટીક ઝુબેશ</u>** હાથ ધરવામાં આવેલ હતી. ઝોનવાઈઝ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | ઝોનનું નામ | ચેક કરેલ સંસ્થાની સંખ્યા | જપ્ત કરેલ પ્લાસ્ટીક જથ્થો (કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમની સંખ્યા | આપેલ નોટીસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કતારગામ | ૪૭૦ | ૧૪૮.૯૦૦ | ૧૪,૪૦૦ | ૨૧૪ | ૧૩ |
| ૨ | સેન્ટ્રલ | ૨૫૮ | ૯૨.૮૦૦ | ૨૪,૯૦૦ | ૯૮ | ૦ |
| ૩ | રાંદેર | ૨૪૪ | ૧૨૨.૦૦૦ | ૧૯,૨૦૦ | ૯૮ | ૮૯ |
| ૪ | અઠવા | ૧૩૨ | ૬૬.૦૦૦ | ૨૧,૪૦૦ | ૫૪ | ૩૦ |
| ૫ | વરાછા | ૩૨૦ | ૧૨૭.૭૦૦ | ૯૧,૧૦૦ | ૧૯૬ | ૫૫ |
| ૬ | લીંબાયત | ૩૦ | ૧૯.૨૦૦ | ૪,૨૦૦ | ૨૨ | ૦ |
| ૭ | ઉધના | ૧૦૮ | ૪૧.૦૦૦ | ૨૧,૦૦૦ | ૪૮ | ૦ |
| | **કુલ** | **૧૫૬૨** | **૬૧૭.૬૦૦** | **૧૯૬૨૦૦** | **૭૩૦** | **૧૮૭** |

ગત અઠવાડીયામાં કુલ ૫૦૦ કિ.ગ્રા.પ્લાસ્ટીક તથા રૂા. ૨,૭૭,૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. હાલમાં ૫૦ માઈક્રોનનાં પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આગામી દિવસોમાં સોલીડ વેસ્ટ રૂલ્સ ૨૦૧૬ મુજબ પ્લાસ્ટિક / થર્મોકોલ કે રીસાયકલેબલ વેસ્ટ પ્રકારના ભંગાર ખરીદતા કે વેચતા ઈસમો / સંસ્થાઓ/સ્ટ્રીટ વેન્ડર્સ/રીટેલ વેપારીઓએ સુરત મહાનગરપાલિકામાં ફરજીયાતપણે રજીસ્ટ્રેશન કરાવવા બાબત તથા પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં વિક્રેતાઓ સામેની કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવશે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૦૭/૦૬/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૬૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૮ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૧ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૫ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૫ |

# પ્રેસનોટ

# નોર્થઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા,સુરત.

**સ્વચ્છભારત મિશન અંતગર્ત મિશન સુરત ફર્સ્ટ વિશ્વ પર્યાવરણ ની ઉજવણી ઉપકમે નોર્થઝોન કતારગામમાં આજ તારીખ ૦૮/૦૬/૨૦૧૮ ના રોજ નોર્થઝોન ઓફિસ ખાતે અત્રેના કાર્યક્ષેત્ર વિસ્તારમાંથી કોર્પોરેટરશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, જી.પી.સી.બી. ના અધ્યક્ષશ્રી, ઈકો વિઝન કંપની ના ડીરેકટરશ્રી, યુ.સી.ડી. વિભાગ ના અધિકારીશ્રી તથા વિવિધ સંસ્થા, શાકભાજી માર્કેટના પાથરણાવાળા, ચા ની દુકાનવાળા, ફરસાણવાળા, દૂધ ડેરી પાર્લર ના વેપારીઓ તથા નગરજનો સાથે પ્રતિબંધિત પ્લાસ્ટીક ન રાખવા તેમજ નિયત કરેલ કાપડની થેલી વાપરવા (ઉપયોગમાં લેવા) આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે. તથા ફરસાણવાળા ઓને પેપરબેગ રાખવા જણાવેલ છે. તમામ હાજર રહેલને અમલ કરવા માટે બાહેધરી આપેલ હતી. 4 R (1) Refuse (2) Reduce (3) Recycle (4) Reuse વિષે વિસ્તૃત જાણકારી આપી. પ્લાસ્ટીક એજન્સી ઈકોવિઝન ધ્વારા તથા યુ.સી.ડી. વિભાગ ધ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવેલ** ઉપરોકત સમારંભમાં હાજર રહેલ વેપારીઓ તથા નગરજનો તેમજ સમારંભમાં હાજર રહેલ તમામે સાથે રહી પ્રતિબંધિત પ્લાસ્ટીક ન વાપરવા અને પર્યાવરણ જાળવણી બાબતે સમૂહમાં શપથ લેવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે તેમજ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ " મેલેરીયા વિરોધી માસ" કાર્યક્રમ અંતર્ગત ખાનગી ખુલ્લા પ્લોટ તેમજ બાંધકામના ધારકો સામે આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–</u>

હાલમાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા મે.કમિશનરશ્રી તરફ થી આર્દેશ કરવામાં આવેલ તેમજ વેસ્ટઝોન (રાંદેર)ના ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા અને લોકોમાં મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વેસ્ટઝોન (રાંદેર)ના અડાજણ, પાલ, પાલનપુર, પાલણપોરગામ તેમજ રાંદેર યુનિટના હદ વિસ્તારમાં આવેલ ખુલ્લાં પ્લોટ તેમજ બાંધકામ ધારકોને વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા આગોતરી જાણ કરવામાં આવેલ હોવા છતાં તે મુજબ અમલ ન કરતાં ઈસમો ના પ્લોટ તેમજ બાંધકામના ધારકો એમ મળી કુલ– ૧૫ ઈસમો સામે કરવામાં આવેલ ખાતાકીય કામગીરી સબબ વહીવટી વસૂલાત ખર્ચ પેટે રૂ./– ૪૬૦૦૦/– (અંકે છેંતાળીસ હજાર) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે.

આથી તમામ ખાનગી ખુલ્લાં પ્લોટ ધારકોને જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ પ્લોટમાં તેમજ બાંધકામમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે પ્લોટમાં તેમજ બાંધકામમાં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

# પ્રેસનોટ

મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અર્ફેસની કન્સલટેટીવ કમીટીની મીટીંગ તા.૦૮/૦૬/૨૦૧૮ના રોજ સુરત ખાતે યોજવામાં આવી હતી. જે શ્રી હરદીપસિંઘ પુરી, કેન્દ્ર સરકારના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અર્ફેસની આગેવાની હેઠળ ૪ સાંસદ સભ્યોશ્રીઓ, હાઉસીંગ એન્ડ અર્બન અર્ફેસ મીનીસ્ટ્રીના ૧૧ ઉચ્ચપદાધિકારીઓ તથા ૭ સ્માર્ટ સીટીના સી.ઈ.ઓ.(સુરત, અમદાવાદ, પુના, ભોપાલ, ન્યુ દિલ્હી, ભુવનેશ્વર, વિશાખાપટ્ટનમ) વિગેરે હાજર રહયા હતા.

આ મીટીંગ અંતર્ગત શરૂઆતમાં સુરત ખાતે સ્માર્ટ સીટી અંતર્ગત કરવામાં આવેલા વિવિધ પ્રોજેકટો પૈકી નીચે પ્રમાણેના પ્રોજેકટસની સાઈટ વિઝીટ કરવામાં આવી હતી.

૧.સુએઝ/ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ (બમરોલી)

૨. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ(સોલર પાવર)(અલથાણ)

૩.સ્માર્ટ રોડ અને સ્માર્ટ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત અંડર ગ્રાઉન્ડ ડસ્ટબીન (આઈમાતા રોડ)

૪.એફોર્ડેબલ હાઉસીંગ ફોર ઓલ (મગોબ)

૫.બી.આર.ટી.એસ (ITMS,AFCS, ITCS & Surat Money Card) (અડાજણ રોડ)

૬.સુરત ફોર્ટ

૭.સ્મેક સેન્ટર (મુગલીસરા)

અંડર ગ્રાઉન્ડ ડસ્ટબીન અને એફોર્ડેબલ હાઉસીંગ અંતર્ગત થયેલા કામ બદલ મંત્રીશ્રીએ વિશેષ સંતોષથી લાગણી વ્યકત કરી. તે ઉપરાંત સુરત કિલ્લાના રીસ્ટોરેશનની કામગીરી પણ સવિશેષ બીરદાવીને, આજ પ્રમાણેનું કામ ભારતના અન્ય શહેરોમાં પણ થાય તેવી ઈચ્છા વ્યકત કરી હતી. એકંદરે સમાર્ટ સીટી અંતર્ગત સુરતમાં થયેલી વિવિધ કામગીરીની તેમણે સરાહના કરી હતી. ઉપસ્થિત સમિતિના અન્ય સભ્યોએ તથા મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અર્ફેસ ના ઉચ્ચપદાધિકારીઓએ પણ સુરતની કામગીરીની પ્રશંસા કરી હતી. આ પ્રકારની કવોલીટીના મકાનો અન્ય શહેરોમાં બને તેવું જણાવ્યું.

વધુમાં સ્માર્ટ વેસ્ટ ડસ્ટબીન અંતર્ગત અંડર ગ્રાઉન્ડ ડસ્ટબીન ના પ્રોજેકટની કામગીરી જોઈ આ પ્રકારની કામગીરી દિલ્હીમાં કરવામાં આવે તેવું એન.ડી.એમ.સી ને જણાવતા આ પ્રકારના પ્રોજેકટની કામગીરી દિલ્હીમાં આગામી ૩ માસમાં અમલમાં લાવવામાં આવશે તેવું જણાવ્યું.

બપોર બાદના મીટીંગ સેશનમાં સુરત સહિત ઉપરોકત ૬ સ્માર્ટ સીટીના કમિશનરશ્રી/સી.ઈ.ઓ.શ્રીએ પોતપોતાના શહેરમાં થયેલા સ્માર્ટ સીટીમ પ્રોજેકટોનાં પ્રેઝનટેશન થકી તેમનાં શહેરમાં થતા/થનાર કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કર્યો હતો. મંત્રીશ્રીએ વિવિધ સ્માર્ટ સીટીએ કરેલા કાર્યોની પ્રશંસા કરીને હજુ વધારે વિસ્તૃત

પ્રોજેક્ટસ પર કામ કરવાની સૂચના આપી. એમણે એમ પણ કહયું કે, તમામ સ્માર્ટ સીટીમાં સારા કાર્યો થઈ રહયા છે તેને વિવિધ પ્રચાર માધ્યમ જેવા કે, પ્રેસ, ટીવી અને સોશિયલ મીડિયા મારફતે પ્રજાજન સુધી પહોંચાડવા જણાવ્યું છે, જેથી લોકોને સ્માર્ટ સીટીના પ્રોજેક્ટોની જાણકારી મળી રહે અને જેથી પ્રોત્સાહન થકી વિકાસનાં કાર્યમાં પણ લોક ભાગીદારી થાય તેવું સૂચન કર્યું. વધુમાં ગુજરાતમાં સ્માર્ટ સીટી અંતર્ગત થતાં કામોની સરાહના કરી અભિનંદન પાઠવી આ સંદેશ મુખ્યમંત્રીશ્રી સુધી પહોચાડવા જણાવ્યું.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, સ્માર્ટ સીટીના વિકાસમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વિશે પણ વિચારણા ચાલી રહી છે.

સહારાનપુર, ઉતર પ્રદેશના સાંસદ, શ્રી રાઘવ લખન પાલે જણાવ્યું કે, સુરત શહેરનાં એક ટુંકા પરિભ્રમણ દરમિયાન જ સ્માર્ટ સીટી કેવું હોઈ શકે અને પોતાના નગરજનો માટે શું કરી શકે એના ઘણા ઉત્તરો એમને મળ્યા.

મીનીસ્ટ્રી ઓફ હાઉસીગ એન્ડ અર્બન અર્ફેસના સેક્રેટરીશ્રીએ જણાવ્યું કે, સ્માર્ટ સીટી મિશન એક દીવાદાંડી રૂપે કામ કરી રહયું છે અને એના દ્વારા ભારતના બીજા લગભગ ૫૦૦ નાના મોટા નગરોને પોતાના વિસ્તારમાં નગરજનોની સુખાકારી માટે કામ કરવાની પ્રેરણા આપી રહયું છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકાના તરફથી સાદર
સમાચાર યાદી : 148
તા.૦૮-૦૩-૨૦૧૮

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ,વરાછા અને લિંબાયત ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા.૨૧.૨૬ કરોડના ખર્ચે લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ માન.મંત્રી(રાજય કક્ષા),આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)ના વરદ્હસ્તે આજરોજ ટી.પી.નં.૮,ઉમરવાડા,ફા.પ્લોટ નં.૪૧,નગર પ્રાથમિક શાળા કમ્પાઉન્ડમાં,જુની બોમ્બે માર્કેટ પાસે,ઉમરવાડા,સુરત ખાતે સંપન્ન થયેલ છે.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં અગ્રેસર રહી છે.સુરત શહેરના લોકોને આરોગ્યલક્ષી સુવિધા મળે, તે હેતુસર રાજય સરકારની ગાઈડ લાઈન મુજબ કામ કરવામાં આવી રહયું છે.સુરત શહેરમાં ૪૯ હેલ્થ સેન્ટરો છે. ૫૦૦ મીટરની અંદર જ લોકોને આરોગ્યની સુવિધાઓ મળે ટ્રાન્સપોટેશન ઓછુ થાય અને લોકોને આરોગ્યપ્રદ સુવિધાઓ મળે તે દિશામાં સુરત મહાનગરપાલિકા કાર્ય કરી રહી છે આજરોજ મલ્ટી લેવલ પાર્કીગ,શાક માર્કેટ,નગર પ્રાથમિક શાળા,સ્પોર્ટસ કોમ્પક્ષ,ફાયર સ્ટાફ કવાટર્સ જેવા પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવેલ છે જે સુરત શહેરના લોકોને ઉપયોગી નિવડશે.

આ પ્રસંગે માન.મંત્રી(રાજય કક્ષા),આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)નું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકા ધ્વારા જે વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્ત થઈ રહયા છે તે ખુબ જ ઝડપથી લોકાર્પિત કરવામાં આવી રહયા છે અને વિવિધ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરવા બદલ સુરત મહાનગરપાલિકાની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

માન.મંત્રી(રાજય કક્ષા),આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)તેમજ અન્ય મહાનુભાવોએ વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણની તકતીની અનાવરણવિધિ કરી હતી.

વધુમાં સુરત શહેરના વિવિધ સ્થળોએ લોખંડના સ્ક્રેપમાંથી સ્કલ્પચર બનાવવામાં આવેલ છે.આવા ૧૦ કલાકારોએ બનાવેલ સ્કલ્પચરને શહેરના ૭ ઝોનમાં સ્થાપિત કરવામાં આવશે જેમાં સુનિલ શ્રીધરે,સુરત–સુરતનો ઘોડો,વિનોદ પટેલ,બરોડા–દરિયાઈ જીવ,ચંદર પ્રકાશ,જમ્મુ–માનવ મસ્તક,પિજુશ પાતરા,બરોડા–હાફુસ કેરી,દેબાશીસ બેરા,બરોડા–સૂર્યદેવ,શિવ વર્મા, બરોડા –વમળો,નિતેશ દેસાઈ,વલસાડ–વિકાસવૃક્ષ, જેનિસ વાઘ,સુરત–ડ્રેગન ફલાય,રાહુલ કંથારીયા, સુરત–માનવ પ્રતિમા,કાર્તિક વર્મા,સુરત –પાણી બચાવો જેવી કલાકૃતિઓ તૈયાર કરેલ તે બદલ

તેમનેમાન.મંત્રી(રાજય કક્ષા),આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)તેમજ અન્ય મહાનુભાવોના વરદ્હસ્તે પ્રશંસા પત્ર આપવામાં આવેલ

આ પ્રસંગે માન.મંત્રી (રાજય કક્ષા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણીએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે મહાનગરપાલિકાના વહીવટીતંત્ર અને પદાધિકારીઓએ ગાર્ડન, ઓડિટોરીયમ,બ્રિજો જેવા અનેક પ્રકલ્પો લોકોને સમર્પિત કર્યા છે.સૌનો સાથે સૌનો વિકાસને ધ્યાનમાં રાખીને વિકાસનો માર્ગ અપનાવ્યો છે.સુરત મહાનગરપાલિકા જે પ્રકલ્પો લોકોને અર્પણ કરે છે તેની જાળવણી કરવાની જવાબદારી નાગરિકોની છે.લોકોએ જાગૃત થવું પડશે,ગાર્ડનનું લોકાર્પણ થાય પછી તેની જાળવણી કરવાની જવાબદારી આપણા સૌની છે.આપણે પાણી બચાવવુ જોઈએ આપણે આવનારી પેઢીને પાણીદાર સુરત,પાણીદાર ગુજરાત આપવું છે પાણીનો દુરપયોગ ન થવો જોઈએ આપણે સૌ સાથે મળી કામ કરી સુરતને વિકાસના દરેક ક્ષેત્રે નંબર–૧ બનાવવુ છે અને સુરતને ખુબસુરત બનાવું છે. જે વિકાસ થઈ રહયો છે તે સુરત મહાનગરપાલિકાના વહીવટીતંત્ર અને પદાધિકારીઓને આભારી છે તે બદલ તેમને અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ,પ્રેસ–મીડીયાના કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર
વિવિધ પ્રકલ્પોની તકતીની અનાવરણવિધિ


સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર


સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ/ખાતમુહૂર્ત
વિવિધ પ્રકલ્પોની


સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ/ખાતમુહૂર્ત
વિવિધ પ્રકલ્પોની


સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર
વિવિધ પ્રકલ્પોની તકતીની અનાવરણવિધિ
તા. ૧૦/૬/૨૦૧૮, રવિવાર - સમય : સવારે ૧૦-૩૦ કલાકે


સુરત મહાનગરપાલિકા










સુરત મહાનગરપાલિકા
શહેરી આરોગ્ય કેન્દ્ર અને પ્રસુતિ ગૃહ



## પ્રેસ નોટ

........................

**માહે મે ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૮ દરમ્યાન **૫૩૫૦** ઈન્ડોર તથા **૫૮૪૬૦** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૨૪૮** નાના તથા **૭૩૫** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૩૬૯૮** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૫૭૩** અને જુના **૧૩૯૭** દર્દીઓ સહીત કુલ **૨૯૭૦** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૪૯૩** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૪૪૩** તથા આંખ વિભાગમાં **૩૧૫૯** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૨૦૦૬૬** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.....150.........

# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આજરોજથી સરૂ થયેલ નીચે જણાવેલ સ્કુલ/કોલેજમાં આવેલ કેન્ટીન/સ્ટોલની તા.૧૧/૦૬/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે, તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા કુલ ૬ સંસ્થાઓને  નોટીસ આપવામાં આવેલ છે અને ૫ સંસ્થાઓ બંધ કરાવેલ છે, જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનુ નામ અને સરનામુ | લીધેલ નમુના |
|---|---|---|
| ૧. | ટી એન્ડ ટી.વી. સાર્વજનીક વિધાલય,ટીમલીયાવાડ,નાનપુરા,સુરત. | કેન્ટીન બંધ છે |
| ૨. | જીવન ભારતી મંડળ,ટીમલીયાવાડ,નાનપુરા,સુરત. | નમુના લીધા |
| ૩. | જી એન્ડ જી.વી. સાર્વજનીક હાઈસ્કુલ,રીંગ રોડ,સુરત. | કેન્ટીન બંધ છે |
| ૪. | એચ.એન.ફાસ્ટ ફુડ,વનિતા વિશ્રામ કોલેજ કેમ્પસ,અઠવાગેટ,સુરત. | નમુનો લીધો |
| ૫. | વનિતા વિશ્રામ સ્કુલ,અઠવાગેટ,સુરત. | સંસ્થા ચેક કરી |
| ૬. | પી.ટી.સાયન્સ કેન્ટીન,એમ.ટી.બી.કોલેજ કેમ્પસ, અઠવાગેટ,સુરત. | કેન્ટીન બંધ કરાવી |
| ૭. | કે.પી.કોમર્સ કેન્ટીન, એમ.ટી.બી.કોલેજ કેમ્પસ, અઠવાગેટ,સુરત. | કેન્ટીન બંધ કરાવી |
| ૮. | સાર્વજનીક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેક., અઠવાગેટ,સુરત. | નોટીસ આપી |
| ૯. | સેવન ડે કોલેજ કેન્ટીન, અઠવાલાઈન્સ,સુરત. | નોટીસ આપી, કેન્ટીન બંધ કરાવી |
| ૧૦. | સેવન ડે સ્કુલ કેન્ટીન, અઠવાલાઈન્સ,સુરત. | નોટીસ આપી, સ્ટોલ બંધ કરાવી |
| ૧૧. | પી.પી.સવાણી હાઈસ્કુલ,હીરાબાગ,વરાછા રોડ,સુરત. | સીલ મારી સંસ્થા બંધ કરાવી |
| ૧૨. | તાપી બ્રહમચાર્ય કોલેજ,કાપોદ્રા,સુરત. | કેન્ટીન બંધ છે |
| ૧૩. | શીવ શકિત કેન્ટીન,વી.ટી.પોદાર કોલેજ,પ્રમુખ પાર્ક,ઉધના,સુરત. | નોટીસ આપી |
| ૧૪. | શ્રી હરી હોસ્પીટાલીટી,ગજેરા ગ્લોબલ સ્કુલ,પાલ,સુરત. | નોટીસ આપી |
| ૧૫. | હરી ઓમ કેન્ટીન,રયાન ઈન્ટરનેશનેશનલ સ્કુલ,રાંદેર રોડ,સુરત. | નોટીસ આપી |

# સુરત મહાનગરપાલિકા
# યુ.સી.ડી. વિભાગ
# અખબારી યાદી

**સુરત મહાનગરપાલિકા યુ.સી.ડી.વિભાગ ધ્વારા પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણી ભાગરૂપે ઈકો ફ્રેન્ડલી પ્રોડકટ ની માહિતી અને તેના ફાયદા અંગેની કાર્ય શિબિર.**

**વિષય :–** તા. ૦૯/૦૬/૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા યુસીડી સેન્ટર,હોડીબંગલા ખાતે પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણી ભાગરૂપે એરિયા લેવલ ફેડરેશન /સખીમંડળ લાઈવલીહુડ સેન્ટર ધ્વારા ઈકો ફ્રેન્ડલી પ્રોડકટની માહિતી અને તેના ફાયદા અંગેની કાર્ય શિબિર.

૦૫ જુન ૨૦૧૮ ના રોજ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભારતે સમગ્ર વિશ્વનું પ્રતિનિધત્વ કરેલુ છે. જેમાં આ વર્ષનું "Beat Plastic Pollution" થીમ પર પ્લાસ્ટીકનો ઓછો ઉપયોગ કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. સુરત મહનગરપાલિકા ધ્વારા સૂકો કચરો અને ભીનો કચરો અલગ રાખી તેનું વ્યવસ્થાપન કરી યોગ્ય નિકાલ કરી રહયું છે.યુ.સી.ડી વિભાગ વિવિધ ઈકો ફ્રેન્ડલી પ્રોડકટ ના પ્રોજેકટ (તાલીમ) ચલાવી પર્યાવરણના સંરક્ષણમાં સહકાર આપી રહયું છે.

તા. ૦૯/૦૬/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા યુસીડી સેન્ટર,હોડીબંગલા ખાતે પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉવજણી ભાગરૂપે એરીયા લેવલ ફેડરેશન/સખીમંડળ લાઈવલીહુડ સેન્ટર ધ્વારા ઈકો ફ્રેન્ડલી પ્રોડકટની માહિતી અને તેના ફાયદા અંગેની કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવેલ.કાર્યક્રમાં મ્યુ. સદસ્યશ્રી શ્રીમતી ગીતાબેન એચ. પટેલ,મ્યુ.સદસ્યશ્રી નેન્સી.એમ.સુમરા,સિડીંગ સ્કીલ સંસ્થાના પ્રમુખ અમિતભાઈ જરીવાલા,ઈ.ચા. ડે.પ્રોજેકટ ઓફિસર શ્રી કવિતાબેન ડી.દેસાઈ, ઈ.ચા. ડે. પ્રોજેકટ ઓફિસર નરેન્દ્ર ડી.ડાભી.અને કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર એરિયા લેવલ ફેડરેશન ના પ્રમુખશ્રીઓ ,સખીમંડળના સદસ્યશ્રીઓ હાજર રહેલ.આ શિબિરમાં કુલ ૧૨૦ જેટલા લોકોએ હાજરી આપી.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી શિબિર ખુલ્લો મુકવામાં આવેલ કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગીક ઉદબોધન કરતા ઈ.ચા. ડે.પ્રોજેકટ ઓફિસરશ્રી કવિતાબેન ડી.દેસાઈ શિબિરનો મુખ્ય ઉદ્દેશ યુસીડી કક્ષાએ ચાલતા વિવિધ પ્રોજેકટો વિશે માહિતી આપેલ. મ્યુ.સદસ્યશ્રી શ્રીમતી ગીતાબેન એચ.પટેલ,મ્યુ.સદસ્યશ્રી નેન્સી.એમ.સુમરા એ યુસીડી કક્ષાએ ચાલતા એરિયા લેવલ ફેડરેશન અને સખીમંડળોની બહેનોને સહકાર લઈ વિસ્તારની બહેનોને પર્યાવરણ અને સ્વચ્છતા વિશે જાગૃત કરવા જણાવેલ ઉપરાંત ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો વધુને વધુ ઉપયોગ કરવા પર ભાર મૂકયો.સખીમંડળની બહેનો ધ્વારા બનાવમાં આવતી વિવિધ ઈકો ફ્રેન્ડલી પ્રોડકટની માહિતી અને તેના ફાયદા વિશે બહેનોને જાણકારી આપવામાં આવી.મુખ્ય વકતા શ્રી અમિતભાઈ જરીવાલા ધ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે વિવિધ ઉપાયો અંગેની જાણકારી આપી. "Beat Plastic Pollution" થીમ અનુલક્ષી પ્લાસ્ટીકને રીડયુસ,રીયુસ,રીસાઈકલ કરી ઉપયોગ કરવા ભાર મુકવામાં આવેલ.

શિબિરમાં હાજર રહેલા તમામનો આભારવિધી કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.


સુરત મહાનગરપાલિકા
યુસીડી વિભાગ
અને સ્વચ્છતા અભિયાન
ULM
યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર



# સુરત મહાનગર પાલિકા
# વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
# અખબારી યાદી

# શાળા કોલેજોમાં કરવામાં આવેલ ધુમ્રશેરની કામગીરી

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગો મેલેરિયા, ડેન્ગ્યુ,ચિકુનગુનિયા ની નાબુદી માટે વિવિધ કામગીરી કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવેલ હતી. સુરત શહેરમાં વેકેશન બાદ ઉઘડતી શાળાઓમાં મચ્છરોનાં નિયંત્રણ તથા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે શાળા તથા કોલેજોમાં સર્વે તેમજ ધુમ્રશેરની કામગીરી કરાવામાં આવેલ. તમામ ઝોનમાં **તા.૮/૦૬/૧૮ તથા** **તા.૯/૦૬/૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે શાળા તથા કોલેજોમાં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવેલ જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ૮૭ શાળા તથા ૦૨ કોલેજો માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી,

–વેસ્ટ ઝોનમાં ૭૭ શાળા તથા ૦૫ કોલેજો માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી,

–ઉધનાઝોનમાં ૧૦૪ શાળા તથા ૦૧ કોલેજ માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી,

–લિંબાયતઝોનમાં ૨૨૩ શાળા માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી,

–અઠવા ઝોનમાં ૧૧૯ શાળા તથા ૦૭ કોલેજો માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી,

–કતારગામઝોનમાં ૧૨૯ શાળા તથા કોલેજો માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી,

–વરાછા ઝોનમાં ૧૬૭ શાળા તથા કોલેજો માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી.

–સમગ્ર શહેરમાં...... ૯૨૧ શાળા તથા કોલેજો માં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ચોમાસાની ઋતુમાં વખતો–વખત શાળાઓમાં સર્વે કરી ધુમ્રશેરની કામગીરી કરાવામાં આવશે. તેમજ જો શાળાનાં નોડલ ઓફિસરશ્રી દ્વારા આ બાબતે બેદરકારી દાખવવામાં આવશે તો તેમની સામે પણ પ્રોસીકયુશનની કામગીરી કરવામાં આવશે.

# પ્રેસ નોટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આજરોજથી સરૂ થયેલ નીચે જણાવેલ સ્કુલ/કોલેજમાં આવેલ કેન્ટીન/સ્ટોલની તા.૧૨/૦૬/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે, તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે અને કુલ–૨ સંસ્થાઓ બંધ કરાવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ અને સરનામુ | લીધેલ નમુના |
|---|---|---|
| ૧. | વી.ટી. ચોકસી, અઠવાલાઈન્સ, સુરત | કેન્ટીન બંધ છે |
| ૨. | પી.આર. ખાટીવાલા, રૂંઢ, ડુમસ રોડ, સુરત | કેન્ટીન બંધ છે |
| ૩. | જી.ડી. ગોએન્કા, ભરથાણા વેસુ રોડ, સુરત | કેન્ટીન બંધ કરાવી |
| ૪. | ભગવાન મહાવીર એજયુકેશન, ભરથાણા વેસુ રોડ, સુરત | કેન્ટીન બંધ કરાવી |
| ૫. | વી.એમ. સવાણી ઈન્સ્ટીટયુટ, કેનાલ રોડ, સુરત | સંસ્થા ચેક કરી, નોટીસ આપી |
| ૬. | ગજ્જર ભવનની કેન્ટીન, એસ.વી.એન.આઈ.ટી., પીપલોદ, સુરત | સંસ્થા ચેક કરી, નોટીસ આપી |
| ૭. | આર. ગોરસ કેટરર્સ પ્રા. લી., એસ.વી.એન.આઈ.ટી., પીપલોદ, સુરત | સંસ્થા ચેક કરી, નોટીસ આપી |
| ૮. | ગીતા ટ્રેડર્સ, એસ.વી.એન.આઈ.ટી., પીપલોદ, સુરત | સંસ્થા ચેક કરી, નોટીસ આપી |
| ૯. | શારદાયતન સ્કુલ, પીપલોદ, સુરત | કેન્ટીન બંધ છે |
| ૧૦. | એસ.વી.પી. સ્કુલ, પીપલોદ, સુરત | કેન્ટીન બંધ છે |

# :: પ્રેસનોટ ::

## "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી" નિમિત્તે વિવિધ ઝોનમાં યોજાનાર યોગ અંગેની તાલીમ.

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ કરી પ્રતિવર્ષ ૨૧મી જૂનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરાતાં વિશ્વભરમાં "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો હોલ સાથે તાપી કિનારે "રીવર ફ્રન્ટ' ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહેર સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં યોગ પ્રશિક્ષકો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે નીચે મુજબની તારીખે વિવિધ સ્થળોએ જે તે ઝોન દ્વારા જણાવેલ સ્થળે સવારે યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ | ઝોન | યોગ તાલીમનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૧૪/૬/૧૮ | લિંબાયત | સુભાષનગર કોમ્યુનિટી હોલ, સુભાષનગર, સંજય નગર સર્કલ પાસે, લિંબાયત, સુરત. |
| ૨ | ૧૪/૬/૧૮ | કતારગામ | મલ્ટી પર્પઝ હોલ, પહેલો માળ, સીંગણપોર, વાળીનાથ ચોકથી સીંગણપોર રોડ, પ્રમુખ વિદ્યાલયની બાજુમાં, સીંગણપોર, કતારગામ, સુરત. |
| ૩ | ૧૮/૬/૧૮ | રાંદેર | સ્કૂલ ચિલ્ડ્રન હોલ, ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત. |
| ૪ | ૧૭/૬/૧૮ | અઠવા | ઉમરા કોમ્યુનિટી હોલ, એસ.કે.નગરની પાસે નવી પાસપોર્ટ કચેરી નજીક,ઉમરા,સુરત |
| ૫ | ૧૯/૬/૧૮ | અઠવા | અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણ ગામ, સુરત. |
| ૬ | ૧૯/૬/૧૮ | વરાછા | ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ, આઈમાતા સર્કલ પાસે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૭ | ૧૯/૬/૧૮ | ઉધના | ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા, હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના, સુરત. |
| ૮ | ૧૯/૬/૧૮ | સેન્ટ્રલ | સલાબતપુરા કોમ્યુનિટી હોલ, બીજો માળ, બાળશહીદ ચોક પાસે,સલાબતપુરા,સુરત |

૨૧મી જૂન ૨૦૧૮ના રોજ પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં સવારે ૬.૩૦ કલાકે સૌ નગરજનોએ સ્વૈચ્છિક રીતે પોતાને નજીકના યોગ કાર્યક્રમ સ્થળે પહોંચી નામની નોંધણી કરાવી યોગ કાર્યક્રમમાં જોડાવાનું રહેશે. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ સાથે યોગ નિદર્શનો કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભુતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. પોતાની તંદુરસ્તી માટે તમામ નગરજનોએ રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ મેળવી "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉજવણીમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. 155, તા. 13/06/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

Yoga-2018

# –:: પ્રેસનોટ ::–

તા.૧૩-૬-૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૩૯ | ૨૬ | ૨૬ | ૨૬ | ૫૨૦૦ |
| **વરાછા** | ૯૯ | ૯૪ | ૭૩ | ૭૪ | ૧૪૮૦૦ |
| **રાંદેર** | ૨૯ | ૨૨ | ૨૨ | ૨૨ | ૪૪૦૦ |
| **કતારગામ** | ૭૪ | ૪૮ | ૨૬ | ૨૬ | ૫૨૦૦ |
| **ઉધના** | ૬૪ | ૬૦ | ૪૧ | ૨૦ | ૪૦૦૦ |
| **લિંબાયત** | ૪૫ | ૩૮ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| **અઠવા** | ૭૬ | ૨૭ | ૨૦ | ૨૦ | ૪૦૦૦ |
| **કુલ** | **૪૨૬** | **૩૧૫** | **૨૨૬** | **૨૦૬** | **૪૧૨૦૦** |

મેયરશ્રીની કચેરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૩-૦૬-૨૦૧૮

પ્રતિ,
તંત્રીશ્રી,
સુરત.

સવિનય નીચે મુજબના સમાચાર આપના લોકપ્રિય દૈનિકમાં પ્રકાશિત કરી આભારી કરશોજી.

**: <u>સમાચાર યાદી</u> :**

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લાં અઢી વર્ષમાં રૂપિયા ૪૩૦૯ કરોડના વિવિધ કામો કરવામાં આવ્યા છે જેના કારણે સુરત વિશ્વના સૌથી ઝડપી વિકસિત શહેરોમાં ચોથો ક્રમાંક ધરાવે છે. સુરત શહેર જરી ઉદ્યોગ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, વાણિજ્ય ઉદ્યોગ અને હીરા ઉદ્યોગ માટે વિશ્વભરમાં પ્રસિધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનો અભિગમ પણ એને મદદરૂપ થવાનો રહ્યો છે. બદલાતા જમાના સાથે, નવી ટેકનોલોજી સાથે કદમ મીલાવીને, શહેરીજનોની સુખાકારી અને સમૃધ્ધિ જળવાય રહે તેવી સેવા આપવા સુરત મહાનગરપાલિકા સદાય તત્પર રહે છે. સુરતવાસીઓને ઉત્તમ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે અનેક એવોર્ડ મેળવનાર સુરત સમગ્ર દેશમાં શ્રેષ્ઠ મહાનગર સાબિત થઈ મેટ્રો સીટી અને મેગા સીટી બનવા જઈ રહ્યું છે. બ્રિજ સીટી તરીકે પ્રખ્યાત સુરત શહેરમાં શહેરીજનોના આનંદપ્રમોદ માટે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ, સાઈન્સ સેન્ટર, એક્વેરિયમ, ગોપીતળાવ, ઐતિહાસિક કિલ્લો, ડુમસ બીચ, બોટાનિકલ ગાર્ડન જેવા અનેક સ્થળો વિકસાવેલ અને શહેરના પર્યાવરણને ધ્યાને લઈને છેલ્લા અઢી વર્ષમાં ૪૫ થી પણ વધુ બગીચાઓ બનાવવામાં આવ્યા છે.

સરકારશ્રીની સુજલામ સુફલાય યોજના અંતર્ગત મહાનગરપાલિકા ધ્વારા શહેરી વિસ્તારોમાં આવેલ ખાડીઓ અને તાપી નદીની સફાઈની સાથોસાથ વોટર રીચાર્જીગનું આયોજન કરી સઘન કામગીરી કરવામાં આવેલ.

સુરત શહેરના સ્માર્ટ સીટી મિશન પ્રોગ્રામ અન્વયેના વિવિધ પ્રજાલક્ષી સેવાઓ જેવી કે ૨૪×૭ આધારિત પાણી પુરવઠો, બાયોગેસ પાવર પ્લાન્ટ સહીત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ગટર વ્યવસ્થા, સોલાર પાવર પ્લાન્ટ, એર એન્ડ એન્વાયરોમેન્ટ મોનીટરીંગ, સુરત સ્માર્ટ સીટી અંતર્ગત વિઝયુઅલ ઇમ્પ્રુવમેન્ટ

૨...

હેઠળ વોટર રિચાર્જ તેમજ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્માર્ટ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત સ્માર્ટ કન્ટેઈનર વ્યવસ્થા, ડોર ટુ ડોર ગાર્બેજ, વિન્ડ પાવર પ્રોજેક્ટ, સીસીટીવી કેમેરા પ્રોજેકટ, પબ્લિક હેલ્થ પોલીસી અને પાર્કિંગ પોલીસી વિગેરે તથા સમગ્ર શહેર માટે ઈન્ટેલીજન્ટ ટ્રાફિક વ્યવસ્થા, સ્માર્ટ મોનીટરીંગ, ફાઈબર ટુ હોમ, LED લાઈટસ, સોલાર રૂફ-ટોપ પ્રોજેક્ટસ વિગેરેની કામગીરી શરૂ કરવામાં આવી છે. સ્માર્ટસીટી અંતર્ગત સિટીઝન સ્માર્ટ સીટી યોજના અંતર્ગત ડિજીટલ માધ્યમ દ્વારા શહેરીજનો સાથે જનભાગીદારી માટે સતત નાગરિક સંપર્ક અને વિચાર વિનિમય માટે સુરત (My Surat) પ્રોજેક્ટ અંતર્ગત Mysurat.in પોર્ટલ(વેબસાઈટ) તથા મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચીંગ કરવામાં આવ્યું તેમજ સુરત મહાનગરપાલિકાની સેવાઓ સરળતાથી મેળવવા માટે "સુરત મની" કોમન સીટી પેમેન્ટ સ્માર્ટ કાર્ડનું પણ લોન્ચીંગ કરવામાં આવ્યું છે.

આવનારા સમયમાં સુરત શહેરને મેટ્રો રેલ પ્રોજેક્ટ, સુરત સીટીસ્ક્વેર પ્રોજેકટ, સુરત રેલ્વે સ્ટેશન રિ-ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ, ડ્રીમસીટી પ્રોજેક્ટ, આઉટર રીંગ રોડ, તાપી નદી ઉપર અઠવા અને અડાજણને જોડતો "પંડિત દીનદયાળ ઉપાધ્યાય કેબલ સ્ટેઈડ બ્રિજ"ની ભેટ મળવા જઈ રહી છે, તથા અન્ય ઘણાં પ્રજાલક્ષી પ્રોજેકટો પ્રગતિ હેઠળ છે.

**સુરત શહેરની જાહેર જનતાને પ્રાથમિક સુવિધાના કામોની સાથોસાથ વિવિધ પ્રોજેકટો થકી સારી સુવિધાઓ મળી રહેશે.** જેવા કે, વૈકલ્પિક જળ સ્રોત, સમગ્ર શહેરને ડ્રેનેજ સુવિધા અને જુના વિસ્તારની ડ્રેનેજનું સુદ્રઢીકરણ કરવા, તાપી નદી ના ડ્રેનેજ આઉટલેટો બંધ કરવા અંગે નો પ્રોજેક્ટ, મીઢોળા રીવર રીહેબીલીટેશન, એન્વાયર્મેન્ટ સેલ, બાયોમેડીકલ વેસ્ટ, પ્લાસ્ટીક વેસ્ટ, કન્સ્ટ્રકશન ડીમોલીશન વેસ્ટ, ઈ-વેસ્ટ, ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ, મોબી-ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મોબાઈલ વાન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, રસ્તાઓને રીસરફેસિંગ કરવાનું, ડુમસ સી ફેસ ડેવલોપમેન્ટ, જાહેર પરિવહન વ્યવસ્થા (BRTS બસ અને સીટી બસ), યુ.સીડી. વિભાગ દ્વારા દિન દયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન, સીટી લાઈવલી હુડ મિશન, સફલ (સુરત એકશન ફોર ઓગ્મેન્ટિંગ લાઈવ્લીહુડ મિશન, પિંક ઓટો પ્રોજેકટ, મહાનગરપાલિકાનું નવું વહીવટી ભવન, સમેક સેન્ટર, પાર્કિંગ પોલીસી, હાઉસિંગ (મહત્વના વિવિધ પ્રોજેકટ), કોમ્યુનીટી હોલ, તરણકુંડ, પાર્ટી પ્લોટ, સ્લમ અપગ્રેડેશન સેલ દ્વારા શહેરમાં EWS પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ

યોજનાઓનું આયોજન કરી ફાળવણી કરવા તેમજ શહેરમાં ભૂતકાળના આવેલા ટેનામેન્ટનું રિ-ડેવલોપીંગ યોજના, એનર્જી એફીસીયન્સી સેલ દ્વારા વિન્ડ પાવર પ્લાન્ટ અને સોલાર પાવર પ્લાન્ટની કામગીરી, તાપી નદી ઉપર રબર બલુન પ્રોજેકટ, રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસની વિવિધ કામગીરી, માનવસર્જિત આફતો અને કુદરતી આફતોને પહોંચીવળવા માટે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રીપેર્ડનેસ પ્લાન તેમજ વિવિધ ઝોન વિસ્તારોમાં જુદા જુદા પ્રોજેકટોની કામગીરી, તથા મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં બાળકોને જુદી જુદી સાત ભાષાઓમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, તેમજ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં સુમન સ્કુલ દ્વારા માધ્યમિક કક્ષાનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, આ ઉપરાંત મેડીકલનું શિક્ષણ પણ સ્મીમેર મેડીકલ કોલેજ દ્વારા પણ આપવામાં આવી રહ્યું છે.

સુરત શહેરી વિસ્તારમાં માન. વડાપ્રધાનશ્રીના "સ્વચ્છ ભારત અભિયાન" અને માન. મુખ્યમંત્રીના ઘર ઘર શૌચાલય અભિયાન" અંતર્ગત ડ્રેનેજ લાઈનના કનેકશનોની નવી નીતિ મંજુર કરીને, શહેરના છેવાડાના માનવી સુધી આ સેવાનો લાભ મળી શકે તે માટે સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ દ્વારા, આ નવી નીતિથી શહેરી વિસ્તારોમાં જાહેર આરોગ્યની દ્રષ્ટિએ ગંદકી થતી અટકાવી શકાશે.

સુરત શહેરના વિકાસમાં તેજી આવી તે માટે આદરણીય માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્ર સરકારનું માર્ગદર્શન અને રાજ્ય સરકારના ફાળાને હું ના ભૂલી શકું. જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ, ગુજરાતના ભૂતપૂર્વ માનનીય મુખ્યમંત્રી અને હાલના મધ્યપ્રદેશ રાજયપાલ આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ પણ સુરત શહેરે વિકાસની હરણફાળ ભરી તે બદલ તેઓશ્રીનો આભાર વ્યક્ત કરૂં છું.

સુરત મહાનગરના માજી પ્રભારીશ્રી જયેશભાઈ રાદડિયા અને હાલના પ્રભારીશ્રી માનનીય શ્રી કૌશિકભાઈ પટેલ, મહેસુલ મંત્રીશ્રી તથા રાજ્યના અન્ય મંત્રીશ્રીઓ, શહેરના સંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને સચિવોએ પણ સહકાર આપવા મારા અઢી વર્ષના મેયરકાળ દરમિયાન સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટશ્રીઓ અને મ્યુ.કમિશનરશ્રીઓનો પણ સુંદર સહયોગ મળ્યો છે તે બદલ પણ તેઓશ્રીઓનો આ તકે આભાર વ્યક્ત કરૂં છું.

૪....

| | | | |
|---|---|---|---|
| ૯. | ૧ | ડૉ. રમણભાઇ મકનભાઇ | ૯૮૨૫૧ ૦૫૦૭૧ |

....૪....

સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ અને શહેરના નાગરિકો તેમજ તેની સાથો-સાથ સર્વે પત્રકાર મિડિયાનો સહકાર પણ ખુબ જ સારો રહ્યો છે તે બદલ તેઓશ્રીઓનો આ તકે આભાર વ્યક્ત કરૂં છું.

અસ્મિતાબેન પી. શિરોયા
મેયર,
સુરત મહાનગરપાલિકા.

## :: પ્રેસનોટ ::

## "વિશ્વ યોગ દિવસ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "વિશ્વ યોગ દિવસ" ઉજવણી નિમિત્તે વિવિધ ઝોનમાં યોજાનાર યોગ અંગેની તાલીમ.

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ કરી પ્રતિવર્ષ ૨૧મી જુનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરાતાં વિશ્વભરમાં "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો હોલ સાથે તાપી કિનારે "રીવર ફ્રન્ટ' ઉપર યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં યોગ પ્રશિક્ષકો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે નીચે જણાવવ્યા મુજબની તારીખ, સમય અને સ્થળોએ યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ | સમય સવારે | ઝોન | યોગ તાલીમનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૧૮/૬/૧૮ | ૬.૩૦ | રાંદેર | સ્કૂલ ચિલ્ડ્રન હોલ, ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત. |
| ૨ | ૧૭/૬/૧૮ | ૭.૦૦ | અઠવા | ઉમરા કોમ્યુનિટી હોલ, એસ.કે.નગરની પાસે નવી પાસપોર્ટ કચેરી નજીક,ઉમરા,સુરત |
| ૩ | ૧૯/૬/૧૮ | ૭.૦૦ | અઠવા | અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણ ગામ, સુરત. |
| ૪ | ૧૯/૬/૧૮ | ૬.૩૦ | વરાછા | ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ, આઈમાતા સર્કલ પાસે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૫ | ૧૯/૬/૧૮ | ૭.૦૦ | ઉધના | ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા, હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના, સુરત. |
| ૬ | ૧૯/૬/૧૮ | ૯.૦૦ | સેન્ટ્રલ | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, ૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત. |

તમામ નગરજનોએ રજીસ્ટ્રેશન કરાવી, યોગ પ્રશિક્ષકો દ્વારા આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ મેળવી "વિશ્વ યોગ દિવસ" ઉજવણીમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આજરોજથી શરૂ થયેલ નીચે જણાવેલ કેન્ટીન/સ્ટોલની તા.૧૪/૦૬/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે, તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ અને સરનામુ | વિગત |
|---|---|---|
| ૧. | ગર્વમેન્ટ મેડિકલ કોલેજ કેન્ટીન<br>ન્યુ સીવીલ હોસ્પીટલ, મજુરાગેટ, સુરત | બંધ કરાવી, નમુના લીધા |
| ૨. | ફીઝીયોથેરાપી મેસ કેન્ટીન<br>ન્યુ સીવીલ હોસ્પીટલ, મજુરાગેટ, સુરત | નોટીસ આપી |
| ૩. | ન્યુ લેડીઝ હોસ્ટેલ કેન્ટીન (મેસ)<br>ન્યુ સીવીલ હોસ્પીટલ, મજુરાગેટ, સુરત | નોટીસ આપી |
| ૪. | શ્રી સાંઈ ભોજનાલય (મેસ)<br>ન્યુ સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ, મજુરાગેટ, સુરત | નોટીસ આપી |
| ૫. | હરી ઓમ કેટરર્સ<br>વી.એન.જી.યુ., યુ.એમ. રોડ, સુરત | નોટીસ આપી, નમુના લીધા |
| ૬. | નિધિષા હોસ્પીટાલીટી સર્વિસીસ<br>વી.એન.જી.યુ., યુ.એમ. રોડ, સુરત | નોટીસ આપી, નમુના લીધા |
| ૭. | પુરોહિત થાળી<br>રીંગ રોડ, સુરત | નોટીસ આપી, નમુના લીધા |
| ૮. | પુરોહિત થાળી<br>સ્ટેશન રોડ, સુરત | નોટીસ આપી, નમુના લીધા |

# અખબારી યાદી

સુરતઃ

સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના આદેશાનુસાર આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે.અનેહો.)ના માર્ગદર્શન મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ તારીખ ૧૪-૦૬-૨૦૧૮ના રોજ સાઉથ ઈસ્ટ ઝોનના ભાઠેના વિસ્તારમાં આવેલ પાણીના પાઉચ પેકીંગ કરતી તેમજ ફીલ્ટર પાણીની પ્લાસ્ટીકની બોટલો ભરીને વેચાણ કરતી કુલ ૪ (ચાર) સંસ્થા ચેક કરતા (૧) ફ્લોરા વોટર તથા (૨) હર્ષ બેવરેઝીસ માં આશરે કુલ ૩ લાખ (ત્રણ લાખ) જેટલા પાણી ભરેલા પાઉચનો જથ્થો મળી આવેલ હતો. જે પાણી ભરેલા પાઉચના જથ્થોનો તાકીદે નાશ કરી કુલ રૂ|.૬૨૦૦/- અંકે રૂપિયા છ હજાર બસો પુરાનો દંડ વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ તરફથી સાદર

પ્રેસનોટ નંબરઃ 160

તારીખ ૧૪-૦૬-૨૦૧૮

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૫/૦૬/૨૦૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં છગનશેઠની વાડી,લાપસીવાલાની ચાલ, નવો મહોલ્લો,લીમડીશેરી, આદીવાસી કોલોની જેવા વિસ્તારોમાં,રાંદેર ઝોનમાં રૂષભ ટાવર થી મુકતાનંદસોસાયટીસુધી,પાલગામ–જયઅંબેસોસાયટી,સરદારનગર,સંધ્યાવદન–૧–૨,ગોલવાડ, ગાંધી વસાહત,હિતેન્દ્રનગર,હનુમાનટેકરી,હરિજનવાસ.જેવાવિસ્તારોમાં,ઉધનાઝોનમાંસંજયનગર,ઉમીયાનગર–૧,ચલીયાનગર,સફારી પાછળઆવાસ,તૃપ્તિનગર,તિરૂપતીનગરએનસી,બાપુનગરજેવાવિસ્તારોમાં,લિંબાયતઝોનમાંમદનપુરા,અંબીકાનગર,શિવાજનગર શિવકૃપાસોસા,પંચશીલનગર,મહાદેવનગર–૩,પાંડેનગર,ભરવાડવસાહત,સંતોષીનગર,અશ્વીનીપાર્કજેવાવિસ્તારોમાં,અઠવાઝોન માંદમણફળીયું,પ્રજ્ઞાનગરઈડબ્યુઆવાસ,ખેતીવાડીફાર્મ,ડૉઆંબેડકરનગર,ગુ.હા.બોર્ડવેલેન્ટાઈનજેવાવિસ્તારોમાંકતારગામઝોનમાં પ્રભુનગર–૧,૨,ઘનશ્યામનગર,બજરંગનગર,ધોડીયાપીરનાટેકરાથીકતારગામદરવાજાઆવાસએચ–૩ જેવાવિસ્તારોમાં વરાછા ઝોનમાં પ્રધાનમંત્રીઆવાસ,વસંતભાઈનીચાલ,ભોળાનગર,વિશાલનગર,ભકિતનગર–૧,૨, ક્ષમા સો. મરઘાકેન્દ્ર, બોમ્બે કોલોની મંદિર, ડેરી, રાવળ, છીપવાડ, બાંગ્લાદેશ, ખાન મહોલ્લો, ચોરા ફળિયું, વલ્લભનગર, શંકરનગર,મહાવીરનગર, શિવાજી નગર મહાદેવનગર, સરથાણા ગામતળ, દિવાળીબા સો.,સ્વાગત સો.,અજમલધામ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **85877** | **194278** | **493** | **3192** | **1306** | **3549** | **189** | **62800** | **76** | **59313** | **19877** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઇન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૮/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૫૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૩૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૦૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# પ્રેસનોટ

## સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે તેમજ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ " મેલેરીયા વિરોધી માસ" કાર્યક્રમ અંતર્ગત કોર્મશીયલ, શાળાઓ, ખાનગી ખુલ્લા પ્લોટ તેમજ બાંધકામના ધારકો સામે આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા વેસ્ટઝોન (રાંદેર)ના ડે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા અને લોકોમાં મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વેસ્ટઝોન (રાંદેર)ના અડાજણ, પાલ, પાલનપુર, પાલણપોરગામ તેમજ રાંદેર યુનિટના હદ વિસ્તારમાં આવેલ કોર્મશીયલ વિસ્તારો (૧) રૂષભ ટાયર થી મુકતાનંદ તરફ રોડની બંન્ને બાજુ (૨) વાસુપૂજય કોર્મશીયલ બિલ્ડીંગમાં મચ્છર જન્ય ઉત્પતિ સ્થાનો મળી આવતાં કુલ– રૂા.૧૪,૬૦૦/– વહીવટી ખર્ચ વસૂલાત કરવામાં આવેલ. તેમજ કોર્મશીયલ વિસ્તારમાં ખામી જણાયેલ ઈસમોને કુલ નોટીસ–૨૫ આપી ખુલ્લા જણાયેલ પડતર કુલ કન્ટેનરો– ૪૫ નો નિકાલ કરાવવામાં આવેલ. ખુલ્લાં પ્લોટ તેમજ બાંધકામ ધારકોને વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા આગોતરી જાણ કરવામાં આવેલ હોવા છતાં તે મુજબ અમલ ન કરતાં ઈસમો ના પ્લોટ તેમજ બાંધકામના ધારકો મળી કુલ– ૩૫૫૦૦/– ઈસમો સામે કરવામાં આવેલ ખાતાકીય કામગીરી સબબ વહીવટી વસૂલાત ખર્ચ પેટે એમ મળી કુલ – રૂા. ૫૦૧૦૦/– (અંકે પચ્ચાસ હજાર એક સો) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે.

આથી તમામ ખાનગી ખુલ્લાં પ્લોટ ધારકોને તેમજ કોર્મશીયલ વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ પ્લોટમાં તેમજ બાંધકામમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે પ્લોટમાં તેમજ બાંધકામમાં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

# પ્રે સ નો ટ

સવિનય, માન. કમિશ્નરશ્રી અને આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરમાં આવેલ નીચે જણાવેલ પેકેજ ડ્રીંકીંગ વોટર/મીનરલ વોટરનું વેચાણ અર્થે ઉત્પાદન કરવા બી.આઈ.એસ સર્ટીફિકેટ વગરની તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે લાયસન્સ ન હોય તેવી સંસ્થાઓને સીલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું |
|---|---|---|
| ૧. | હિમ વોટર બેવરેજીસ | જુની જી.આઈ.ડી.સી., કતારગામ, સુરત |
| ૨. | હેલ્ધી વોટર | પ્લોટ નં.૨૬,નિલકંઠ ઈન્ડ.એસ્ટેટ વિ–૧,વેડ રોડ,સુરત. |
| ૩. | વિસાત બેવરેજીસ | ૭૫,રામ હળપતી નિવાસ,ન્યુ ભટાર રોડ,ઉધના–મગદલ્લા રોડ,સુરત. |
| ૪. | સીટીઝન વોટર | સ્કાય વ્યુહની સામે, બ્લોક નં–૧૦૦, ઈન્દિરા વસાહતની સામે, પરવતગામ, સુરત |
| ૫. | રાજા વોટર | જૈન મંદિર પાસે, વરીયાવ ગામ, સુરત |
| ૬. | નીર વોટર | આસપાસ નગર–૧, પ્લોટ નં–૨૧૭–૧૮, નીલગીરી રોડ, સુરત |
| ૭. | રાધીકા બેવરેજીસ (સ્વાગત વોટર) | મહાપ્રભુ નગર વસાહત, લિંબાયત, સુરત |
| ૮. | સનરાઈઝ બેવરેજીસ | સમ્રાટ ઈન્ડ. એસ્ટેટ, ડીંડોલી– ગોડાદરા રોડ, સુરત |

# પ્રે સ નો ટ

સવિનય, માન. કમિશ્નરશ્રી અને આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરમાં આવેલ નીચે જણાવેલ પેકેજ ડ્રીંકીંગ વોટર/મીનરલ વોટરનું વેચાણ અર્થે ઉત્પાદન કરવા બી.આઈ.એસ સર્ટીફિકેટ વગરની તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે લાયસન્સ ન હોય તેવી સંસ્થાઓને સીલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું |
|---|---|---|
| ૧. | હિમ વોટર બેવરેજીસ | જુની જી.આઈ.ડી.સી., કતારગામ, સુરત |
| ૨. | હેલ્ધી વોટર | પ્લોટ નં.૨૬,નિલકંઠ ઈન્ડ.એસ્ટેટ વિ–૧,વેડ રોડ,સુરત. |
| ૩. | વિસાત બેવરેજીસ | ૭૫,રામ હળપતી નિવાસ,ન્યુ ભટાર રોડ,ઉધના–મગદલ્લા રોડ,સુરત. |
| ૪. | સીટીઝન વોટર | સ્કાય વ્યુહની સામે, બ્લોક નં–૧૦૦, ઈન્દિરા વસાહતની સામે, પરવતગામ, સુરત |
| ૫. | રાજા વોટર | જૈન મંદિર પાસે, વરીયાવ ગામ, સુરત |
| ૬. | નીર વોટર | આસપાસ નગર–૧, પ્લોટ નં–૨૧૭–૧૮, નીલગીરી રોડ, સુરત |
| ૭. | રાધીકા બેવરેજીસ (સ્વાગત વોટર) | મહાપ્રભુ નગર વસાહત, લિંબાયત, સુરત |
| ૮. | સનરાઈઝ બેવરેજીસ | સમ્રાટ ઈન્ડ. એસ્ટેટ, ડીંડોલી– ગોડાદરા રોડ, સુરત |

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના આદેશાનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના ડે.કમિનશરશ્રીના માર્ગદર્શન મુજબ તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી એ.પી.ભટ્ટ ની દેખરેખ હેઠળ મુખ્ય આરોગ્ય નિરિક્ષક શ્રી એ.આર.વાંસીયા અને તેઓની ટીમ દ્વારા તારીખ ૧૮-૦૬-૨૦૧૮ના રોજ પ્રતિંબધિત પ્લાસ્ટીક જપ્ત કરવા માટેની ઝુંબેશ હાથ ધરી સાઉથ ઈસ્ટ ઝોનના ગોડાદરા વોર્ડ વિસ્તારમાં આવેલ (૧) નેશનલ ડિસ્પોઝલ (૨) વિષ્ણુ ટ્રેડર્સ (૩) લક્ષ્મી ટ્રેડીંગ (૪) આઈ.જી. પ્લાસ્ટીક (૫) માતાજી ટ્રેડર્સ અને (૬) બ્રહ્માણી ડિસ્પોઝલ નામની સંસ્થાઓમાંથી લગભગ ૫૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ।.૨૪૦૦૦/- (અંકે રૂપિયા ચોવીસ હજાર પુરા) વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

## "વિશ્વ યોગ દિવસ"
## યોગ એ માત્ર અભ્યાસ જ નથી એક જીવનશૈલી પણ છે...

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ વિવિધ ઝોનમાં "વિશ્વ યોગ દિવસ" ઉજવણી

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ કરી પ્રતિવર્ષ ૨૧મી જુનને "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરાતાં ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા ૨૧મી જુન ૨૦૧૮ના રોજ ચતુર્થ 'વિશ્વ યોગ દિવસ'ની રાષ્ટ્ર વ્યાપી ઉજવણી થઈ રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ યોગ કાર્યક્રમનું આયોજન સાત ઝોનમાં કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ ઉપર યોગ નિદર્શન કાર્યક્રમ યોજાશે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થા, પતંજલિ યોગ સમિતિ, નગર પ્રાથમિક, સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ–સેન્ટ્રલ ઝોન, સુભાષનગર કોમ્યુનિટી હોલ–લિંબાયત ઝોન, સ્કૂલ ચિલ્ડ્રન હોલ–રાંદેર ઝોન, મલ્ટી પર્પઝ હોલ–કતારગામ ઝોન, ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ–વરાછા ઝોન, ખટોદરા કોમ્યુનિટી હોલ–ઉધના ઝોન, ઉમરા કોમ્યુનિટી હોલ અને અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ–અઠવા ઝોન ખાતે યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓએ યોગ તાલીમ મેળવેલ છે.

૨૧મી જૂન ૨૦૧૮ની સુવર્ણમયી પ્રભાતે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં જોડાવા ઉત્સુકતા દાખવેલ છે. સવારે ૭.૦૦ કલાકથી આર્ટ ઓફ લિવિંગ સંસ્થા અને પતંજલિ યોગ સમિતિના યોગ પ્રશિક્ષકના નિદર્શન હેઠળ તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભૂતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે "વિશ્વ યોગ દિવસ" ઉજવણીમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

યોગ શિબિરાર્થીઓ માટેની સામાન્ય સૂચનાઓ નીચે મુજબ છે.

(૧) દરેક નાગરિકએ ૬' × ૪' જેટલી મોટી શેતરંજી તથા નેપકીન સાથે લાવવા
(૨) નાગરિકોએ સવારે ખાલી પેટે આવવું.
(૩) દરેક નાગરિકએ ખુલ્લો સારો પોશાક પહેરવો આવશ્યક છે. બરમ્યુડા, ટુંકી ચડ્ડી વિગેરે પ્રતિકુળ વસ્ત્રો પસંદ ન કરાય તે ઈચ્છનીય.
(૪) મહિલાઓએ પંજાબી ડ્રેસ પહેરવો જેથી યોગાભ્યાસ માટે સાનુકુળતા રહે.
(૫) શકય હોય તો સફેદ વસ્ત્રો પહેરવા.
(૬) નાગરિકોએ ૭.૦૦ વાગ્યા પહેલા આવી સ્થાન મેળવી લેવું.
(૭) દરેક નાગરિકએ પોતાની મર્યાદા મુજબ જ યોગાભ્યાસ કરવો, જરૂર જણાય તો નિર્દેશક અથવા સ્વયંસેવકોનો સંપર્ક કરવો.

સમાચારયાદી નં.૧૬૭, તા.૧૯/૦૬/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ યોજાનાર યોગ કાર્યક્રમ અંગેના સ્થળ અંગેની માહિતી

| ક્રમ | ઝોન | સ્થળ | સરનામું |
|---|---|---|---|
| ૧ | | સગરામપુરા કોમ્યુનિટી હોલ | હાફેઝી મસ્જીદ સામે, સગરામપુરા, સુરત. |
| ૨ | | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ | ૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત. |
| ૩ | સેન્ટ્રલ | સલાબતપુરા મલ્ટીપર્પઝ હોલ | મોરચા શોપીંગ સેન્ટર, બીજો માળ, સલાબતપુરા, સુરત. |
| ૪ | | ગલેમંડી (લકકડકોટ) કોમ્યુનિટી હોલ | સુથાર ફળીયા, સીનેમા રોડ, દિલ્હી ગેટ, સુરત. |
| ૫ | | ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન) | ચોકબજાર, સુરત |
| ૬ | | દિવાળી બાગ કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ | ઋષભ ટાવરની સામે, રાંદેર રોડ, સુરત. |
| ૭ | | સીનીયર સીટીઝન હોલ | ઈશિતા પાર્ક, સંઘવી ટાવરની પાછળ, અડાજણ રોડ, સુરત. |
| ૮ | | સ્કુલ ચિલ્ડ્રન હોલ / પાર્ટી પ્લોટ | ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત |
| ૯ | રાંદેર | પાલ કોમ્યુનિટી હોલ | એલ.પી.સવાણી સ્કૂલ પાસે, સી.એન.જી.પંપની પાછળ, રામેશ્વરમ રેસીડન્સની બાજુમાં, સુરત. |
| ૧૦ | | જહાંગીરપુરા કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ | ડભોલી બ્રીજ પાસે, મેઈન રોડ, જહાંગીરપુરા, સુરત. |
| ૧૧ | | ન્યુ એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ | ન્યુ એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ, વ્હાઈટ હાઉસ, પાલ, |
| ૧૨ | | ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ, | રૂષભ ટાવર પાસે, રાંદેર માર્ગ, સુરત |
| ૧૩ | | ખટોદરા કોમ્યુનિટી હોલ, | ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના,સુરત. |
| ૧૪ | | હરિનગર કોમ્યુનિટી હોલ, | શકિત ઈન્ડસ્ટ્રીઝની પાછળ, હરિનગર-૩, ઉધના |
| ૧૫ | | પાંડેસરા કોમ્યુનિટી હોલ, | પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા, સુરત. |
| ૧૬ | ઉધના | ભેસ્તાન-એચ-૧૫ કોમ્યુનિટી હોલ | ઈ.ડબલ્યુ.આવાસ, ભેસ્તાન ઈકલેરા રોડ, રેલ્વે ફાટકની આગળ, ભેસ્તાન, સુરત. |
| ૧૭ | | ઉન-ભેસ્તાન (BRTS)કોમ્યુનિટી હોલ | BRTS વર્કશોપની સામે, જીઆવ રોડ, ભેસ્તાન, ઉધના. |
| ૧૮ | | વડોદ આવાસ કોમ્યુનિટી હોલ, | ઈ.ડબલ્યુ.આવાસ, શિવશકિત સોસા.ની બાજુમાં, વડોદ |
| ૧૯ | | ભેસ્તાન કોમ્યુનિટી હોલ, | નગર પ્રા.શા. નં.૨૧૩ના કેમ્પસમાં, શાકભાજી માર્કેટ પાસે, ભેસ્તાન ગામ, સુરત. |
| ૨૦ | | ઉમરવાડા કોમ્યુનિટી હોલ | ઈ.ડબલ્યુ.એસ.પાસે, ઉમરવાડા, સુરત. |
| ૨૧ | | ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ | માનદરવાજા ફાયર સ્ટેશન પાછળ, રીંગરોડ, સુરત. |
| ૨૨ | | મંગલ પાંડે કોમ્યુનિટી હોલ | નિલમનગર સોસા.પાછળ, ગોડાદરા, સુરત. |
| ૨૩ | લિંબાયત | ઈન્ટરસીટી હોલ | ઈન્ટરસીટી કોમ્પ્લેક્ષની બાજુમાં, પુણા કુંભારીયા રોડ, ઓર્ચીડ ટાવર સામે, સુરત. |
| ૨૪ | | ડીંડોલી પાર્ટી પ્લોટ/કોમ્યુનિટી હોલ | ડીંડોલી તળાવ પાસે, ડીંડોલી, સુરત. |
| ૨૫ | | લિંબાયત ઝોન વહીવટી કચેરી | કુંભાલ ફાયર સ્ટેશન પાસે, વાટીકા ટાઉન શીપ, સુરત. |
| ૨૬ | | પરવત કોમ્યુનિટી હોલ | પરસોતમનગરની સામે, પરવત-ગોડાદરા રોડ, સુરત. |
| ૨૭ | | સુભાષનગર કોમ્યુનિટી હોલ | સુભાષનગર, સંજય નગર સર્કલ પાસે, લિંબાયત, સુરત. |
| ૨૮ | | ભાઠેના કોમ્યુનિટી હોલ | તારા વિદ્યાલયની સામે, ભાઠેના, સુરત. |
| ૨૯ | | અલથાણ કોમ્યુનિટી હોલ (ઉપર-નીચે) | અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં,ભટાર,સુરત |
| ૩૦ | | ઉમરા કોમ્યુનિટી હોલ (ઉપર) | એસ.કે.નગરની પાસે નવી પાસપોર્ટ કચેરી નજીક,ઉમરા |
| ૩૧ | | અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ, | સોહમ સર્કલ પાસે અલથાણગામ સુરત. |
| ૩૨ | | સીનીયર સીટીઝન સેન્ટર | રીલાયન્સ ટાવરની પાછળ, ચાંદની ચોક, પીપલોદ. |
| ૩૩ | અઠવા | આદર્શ ભવન હોલ, | આદર્શ સોસા., ઝોન ઓફીસની બાજુમાં, અઠવાલાઈન્સ |
| ૩૪ | | મહેશ્વરીભવન(નીચેનો હોલ) | સાયન્સ સેન્ટરની બાજુમાં, સીટીલાઈટ,સુરત. |
| ૩૫ | | સંસ્કાર ભવન | દીનાનાથ આવાસની બાજુમાં,પુનમ નગર, ભટાર રોડ |
| ૩૬ | | કાપડીયા હેલ્થ કલબ | વૈષ્ણોદેવી મંદીરની બાજુમાં, ન્યુ ભટાર રોડ |
| ૩૭ | | શ્રી આનંદ નિવાસ સંત્સગ હોલ | શ્રી આનંદપુર સંત્સગ રોડ, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત. |
| ૩૮ | | પુષ્પ વાટિકા હોલ | રાજવંશ સોસાયટી, સીટીલાઈટ રોડ, સુરત. |
| ૩૯ | | કાપોદ્રા મલ્ટી પર્પઝ હોલ | સાગર સોસાયટી સામે, મરઘા કેન્દ્ર પાસે, કાપોદ્રા, સુરત. |
| ૪૦ | | સરદાર પટેલ સ્મૃતિ ભવન-ભોંયતળિયું | ભાતની વાડી, મેઘાણી બાગની સામે, મીનીબજાર, વરાછા. |
| ૪૧ | | વરાછા ઝોન ઓફિસ-ભોંયતળિયું | સેફી સોસા.ની બાજુમાં, પંચવટીવાડી સામે, એલએચ રોડ, |
| ૪૨ | | નાના વરાછા કોમ્યુનિટી હોલ | નાના વરાછા ગામતળ, નગર પ્રાથમિક શાળા પાસે, સુરત. |
| ૪૩ | | સરદાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ | ધરમનગર રોડ, વરાછા, સુરત. |
| ૪૪ | વરાછા | મોટાવરાછા મલ્ટી પર્પઝ હોલ | ફાયર સ્ટેશન પાસે, સુદામા ચોક, મોટાવરાછા, સુરત. |
| ૪૫ | | સરથાણા કોમ્યુનિટી હોલ | શ્રધ્ધા સોસા.ની સામે, નાનાવરાછા, સુરત. |
| ૪૬ | | ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી હોલ | આઈમાતા સર્કલ પાસે, મગોબ, કુંભાલ, સુરત |
| ૪૭ | | કોમ્યુનિટી હોલ વલ્લભાચાર્ય | વલ્લભાચાર્ય રોડ, વરાછા રોડ, સુરત. |
| ૪૮ | | યોગીચોક કોમ્યુનિટી હોલ | પાણીની ટાંકી પાસે, સાવલીયા ચોક, પુણા, સુરત. |
| ૪૯ | | સ્મીમેર હોસ્પીટલ | ડી-બ્લોકની બાજુમાં આવેલ ગાર્ડનમાં, સહારા દરવાજા, સુરત. |
| ૫૦ | | મલ્ટી પર્પઝ હોલ-પહેલો માળ | બેંક ઓફ બરોડાની આગળ, પ્રમુખ વિદ્યાલયની બાજુમાં, સીંગણપોર, કતારગામ, સુરત. |
| ૫૧ | કતારગામ | એચ-૫ કોમ્યુનિટી હોલ-કોસાડ | એચ-૫, ઈડબલ્યુએસ આવાસ, ફાયર સ્ટેશન પાછળ, કોસાડ, સુરત. |
| ૫૨ | | ઉત્રાણ કોમ્યુનિટી હોલ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બાજુમાં, ઉત્રાણ. |
| ૫૩ | | કાંસાનગર ક્રિકેટ ગ્રાઉન્ડ | જજેરા સર્કલ, કાંસાનગર, કતારગામ |

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ''મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા'' રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશમાં બાંધકામો તેમજ સંસ્થાઓ માંથી ક્ષતિઓ મળી આવતાં કુલઃ–૧૩ ઈસમો પાસે રૂા.૫૫,૦૦૦/– વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :</u>

સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર છેલ્લા ત્રણ દિવસથી મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગ જુદી જુદી સંસ્થાઓ, બાંધકામો ચેક કરતાં સર્વે દરમ્યાન મચ્છરની ઉત્પતિ / મચ્છરની ઉત્પતિ થવાની સંભાવનાં જોવા મળેલ હતી, તેવા સ્થળોએ જંતુનાશક દવા છંટકાવ કરાવવામાં આવેલ તેમજ હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી મેલેરીયા/ડેંગ્યુ/ચિકનગુનિયા જેવા રોગોની અટકાયતીના ભાગરૂપી ઝુંબેશ હાથધરી સર્વેલન્સની કામગીરી તેમજ સુપરવીઝન કામગીરી સઘન બનાવી જાહેર જનતાના આરોગ્યને હિતને ધ્યાને રાખી વિવિધ આરોગ્યલક્ષી કામગીરી પણ કરવામાં આવી તેમજ એવન્યુ સેવન્ટી સેવન નુ બાંધકામ, બી–૧૩ સ્વામિ ગુણાતીતનગરનું બાંધકામ, નવી સીંચાઈ ભવનનુ બાંધકામ અઠવાલાઈન્સ, ભગવાન મહાવીર કોલેજનું બાંધકામ, નાલંદા રેસીડન્સીનું બાંધકામ તેમજ આદેશ્વર સોસાયટીમાં આવેલ બાંધકામો તેમજ એલ એન્ડ ટી કોલોની, એલ એન્ડ ટી બેચલર કમ્પાઉન્ડ, તથા અંજનસલાખામાં ક્ષતિઓ મળી આવતાં કુલઃ–૧૩ ઈસમો પાસેથી કુલઃ– ૫૫,૦૦૦/– જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં ઝોન વિસ્તારમા જાહેર જનતામાં જનજાગૃતિ નાં ભાગ રૂપે ભરથાણાં યુનિટ થી નવાગામ જકાત બંગલી સુધી એક રેલીનું આયોજન કરવામાં આવેલ તેમજ પનાસ યુનિટ વિસ્તારમાં આવેલ ન.પ્રા.શાળા નં.૦૪માં શાળાનાં બાળકોમાં મચ્છર જન્ય રોગો વિષે જાણકારી મળી રહે તે હેતુથી મચ્છરનાં જીવનચક્ર વિષે લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

## પ્રેસનોટ

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં લિંબાયતઝોનનાં ટી.પી.સ્કીમ નં ૩૩, ટી.પી. સ્કીમ નં ૩૪, ટી.પી. સ્કીમ નં ૩૯ માં આવેલ વિસ્તાર જેવા કે મગોબ, ડુંભાલ, લિંબાયત, મીઠીખાડી, વિનોબા નગર, ભરવાડ ફળીયુ, બુધ્ધ સોસાયટી, મદિના મસ્જીદ, હીરાનગર, ચોર્યાસીડેરીમાં **તા. ૨૨/૦૬/૨૦૧૮** ના રોજ સવારે ૫.૦૦ થી ૭.૩૦ કલાકે તથા લિંબાયતઝોનના ટી.પી. સ્કીમ નં ૪૦, ટી.પી. સ્કીમ નં ૪૧(પાર્ટ) માં આવેલ ડીંડોલી, નવાગામ, ગોડાદરા, નંદનવન સોસાયટી, ગાયત્રીનગર અને વરાછા વિસ્તારમાં આવેલ આયમાતા ચોક, મહેન્દ્ર પાર્ક, સુરભી સોસાયટીમાં **તા.૨૨/૦૬/૨૦૧૮** ના રોજ સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ કલાકે તથા લિંબાયત વિસ્તારમાં આવેલ આંજણા ટેનામેન્ટ વિસ્તારમાં **તા. ૨૨/૦૬/૨૦૧૮** ના રોજ સવારે ૬.૦૦ થી ૮.૦૦ કલાકે અને ડુંભાલ ટેનામેન્ટ વિસ્તારમાં **તા. ૨૨/૦૬/૨૦૧૮** ના રોજ સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે આપવામાં આવનાર છે. સદર વિસ્તારોમાં ઉપરોકત દિવસે પાણી પૂરવઠો ઓછા પ્રેશરથી મળવાની શકયતા છે. જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરી પાણી પુરવઠો મેળવી લેવા વિનંતી. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ આપવામાં આવશે.

ઉપરોકત દિવસો દરમ્યાન શહેરના નાગરીકોને પડનાર તકલીફ બદલ સુરત મહાનગરપાલિકા દિલગીરી વ્યકત કરે છે.

આભાર.

**:: પ્રેસનોટ ::**

## સુરત મહાનગરપાલિકા આયોજિત " મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના" હેઠળ એપ્રેન્ટિસ ભરતી મેળો

આઈ.ટી.આઈ./ ડીપ્લોમા/ ડીગ્રી પાસ ઉમેદવારોને જુદાં જુદાં વ્યવસાયોમાં ઔદ્યોગીક/ સેવાકીય એકમોનાં સહકારથી સૈધ્ધાંતિક તેમજ પ્રાયોગીક તાલીમ આપી ઉત્પાદન / સેવાકીય એકમો માટેનું કુશળ માનવબળ ઉભું કરવાનાં ઉદેશ અને હેતુસર **"મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના"** અંતર્ગત ખાનગી કે જાહેર ક્ષેત્રનાં ઉત્પાદન/ સેવાકીય એકમોનાં માધ્યમથી ઓન જોબ ટ્રેનીગ આપવાનુ આયોજન કરવામાં આવેલ છે. જેનાં ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ટ્રેડની અંદાજીત ૧૧૦૦ જગ્યાઓ માટે નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો માટે તા.૧૯/૦૬/૨૦૧૮ નાં રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૪.૦૦ કલાક દરમ્યાન કોમ્યુનીટી હોલ, દિવાળી બાગ સોસાયટી પાસે, ઋષભ ચાર રસ્તા, રાંદેર રોડ, અડાજણ પાટીયા, સુરત ખાતે **"એપ્રેન્ટીસ ભરતી મેળો"** નું આયોજન હાથ કરવામાં આવ્યું હતુ. સમારંભની શરૂઆતમાં શાસક પક્ષ નેતા શ્રી ગીરજાશંકર મિશ્રાએ તમામને આવકાર્યા હતાં. ત્યારબાદ દિપ પ્રાગટ્ય કરી ભરતી મેળાની શરૂઆત કરવામાં આવી હતી. મંચસ્થ મહાનુભાવોને સ્થાનિક મ્યુનિસિપલ સભ્યશ્રી હેમાલીબેન બોઘાવાલા, આસીસ્ટન્ટ કમિશ્નરશ્રી કમલેશ નાયક, કાર્યપાલક ઈજનેરશ્રી જયેશભાઈ સોલંકી, પ્રર્સોનેલ ઓફિસરશ્રી સમીર વ્યાસ અને શ્રી સોનાલી ગામીતે પુષ્પગુચ્છથી સન્માનીત કર્યા હતાં. ત્યારબાદ એકાઉન્ટન્ટ અને ડેટા ઓપરેટરોને નિમણુંક પત્ર મંચસ્થ મહાનુભવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યા હતા. પ્રસંગોચિત ઉદબોધનમાં માનનીય મેયરશ્રી ડો.જગદિશ પટેલે આજના યુવાધનને રોજગારી પુરી પાડવા માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકાના સહિયારા સાહસથી આ ઉમદા કામ થઈ રહયાનો ઉલ્લેખ કર્યો હતો, તથા હાજર રહેલ દરેક યુવાનોને જે તે ટ્રેડમાં પોતાની સ્કિલ મુજબ સંપૂર્ણ ડિવોસનથી ફરજ બજાવવા હાકલ કરી હતી. આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલ ગોપલાણી, ધારાસભ્યશ્રી વિવેક પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યોશ્રીઓ તથા મોટી સંખ્યામાં ઉમેદવારો હાજર રહયા હતાં. કુલ–૨૩ વિવિધ ટ્રેડ મળી આજ દિવસ દરમ્યાન કુલ–૬૩૦૦ થી પણ વધુ અરજીઓ આવી હતી, તથા એકાઉન્ટન્ટ અને ડેટા ઓપરેટરના ૧૫૦ જેટલા ઉમેદવારોને નિમણુંકપત્રો નું વિતરણ મંચસ્થ મહાનુભાવો ના હસ્તે કરાવવામાં આવ્યું હતું. આમ સુરત મહાનગરપાલિકા ધ્વારા ૪૫૦ થી વધુ ઉમેદવારોને નિમણુંક કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં સુરત મહાનગરપાલિકા " મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના" હેઠળ રોજગાર આપવામાં અગ્રેસર રહી છે. આજના આયોજનમાં સુરત મહાનગરપાલિકા સાથે સ્ટારબજાર, ચક્રધર હોન્ડા, કન્ટ્રીકલ્બ, ઈન્સ્પેકટએનડીટી, ઈઝી ટેકનોલોજી વિગેરે જેવી ખાનગી કંપનીઓ પણ જે તે ટ્રેડમાં ભરતી મેળામાં જોડાય હતી. અંતમાં સુરત મહાનગરપાલિકાએ સર્વેનો આભાર માન્યો હતો.


''મુખ્યમંત્રી એપ્રેન્ટીસ શીપ યોજના''
અંતર્ગત



# પ્રેસનોટ

ન્યુયોર્ક સ્થિત આર્કિટેકચરલ એડવાઈઝરી કંપની "Design" ના પ્રિન્સીપલ આર્કિટેકટ શ્રી વિરેન બ્રહ્મભટ્ટ ધ્વારા મંગળવાર તા.૧૯/૦૬/૨૦૧૮ ના રોજ સાયન્સ સેન્ટરના ઓડિટોરીયમ ખાતે એક સેમીનાર કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા ધ્વારા આ સેમીનારનું આયોજન Institute of Town Planner (India) ના Gujarat Regional Chapter સુરત લોકલ સેન્ટરના સહયોગથી કરવામાં આવેલ. વૈશ્વિક સ્તરે અર્બન ડિઝાઈન તથા પ્લેસ મેકીંગમાં કયા પ્રકારની પ્રવૃત્તિઓ ચાલી રહેલ છે તેની જાણકારી સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ આ સેમીનારમાં મેળવેલ. વધુમાં શ્રી વિરેન બ્રહ્મભટ્ટ ધ્વારા ન્યુયોર્ક, સિયોલ, રીયો, મુંબઈ વિગેરે જેવા શહેરોમાં અર્બન લેન્ડસ્કેપ ને સંબંધિત કરવામાં આવેલ પ્રોજેકટોની વિગતો પણ રજુ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તથા Indian Institute of Architect ના હોદ્દેદારોએ શ્રી વિરેન બ્રહ્મભટ્ટને શહેરના વિભિન્ન વિસ્તારોની મુલાકાત કરાવી હતી અને મહાનગરપાલિકાના તથા ખાનગી પ્રોજેકટોની સ્થળ પર તેમને વિગતો આપવામાં આવેલ હતી. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફિક આઈલેન્ડો અને પ્લેસ મેકિંગના પ્રોજેકટો તેમણે જોયા હતા. કેનાલ કોરીડોર ઓ મોડલ રોડના પ્રોજેકટો અને અમલીકરણની ઝીણી–ઝીણી વિગતોથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની ITPI, IIA, IUT, IIID, ICEA, ICE વિગેરે જેવી સંસથઓ તથા SVNIT, SCET, ભગવાન મહાવિર કોલેજ, શ્રી સ્વામી આત્માનંદ ઈન્ટીટયુટ ઓફ ટેકનોલોજી, વિદ્યામંદિર કોલેજ ઓફ આર્કિટેકટ વિગેરે જેવી શૈક્ષણિક સંસ્થાઓને પણ આમંત્રણ આપવામાં આવેલ હતું. શૈક્ષણિક સંસ્થાઓના ફેકલ્ટી તથા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં સેમીનારમાં ભાગ લઈ તેમાં આપવામાં આવેલ માહિતીનો લાભ લીધો હતો અને પ્રોજેકટ બાબતે કેટલીક વિગતોની સ્પષ્ટતા અને માહિતીનું આદાનપ્રદાન કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ડો. રાજેશ જે. પંડયા ધ્વારા સુરત શહેરમાં અમલમાં મુકવામાં આવેલ અર્બન ડિઝાઈન, પ્લેસ મેકીંગ, કેનાલ ડેવલપમેન્ટ, ખાડી રીડેવલપમેન્ટ વિગેરે જેવા પ્રોજેકટો બાબતે એક પ્રેઝન્ટેશન કરવામાં આવલ હતું. સેમીનારના સ્થળ સાયન્સ સેન્ટરની પાછળના ભાગમાં આવેલ ગઝેબો / વિસ્તારમાં સુરત સ્ટોન સ્કલ્પચર સીમ્પોઝીયમ–૨૦૧૮ તથા સુરત સ્કલ્પચર સીમ્પોઝીયમ–૨૦૧૮ અંતર્ગત બનાવવામાં આવેલ સ્કલ્પચરોની પણ આમંત્રિતો ધ્વારા મુલાકાત લેવામાં આવેલ હતી અને આર્ટીસ્ટો સાથે કલાકૃતિઓ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ITPI ના ચેરમેન શ્રી આર. ડી. દેસાઈ,

**સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એમ. પટેલ, સીટી ઇજનેરશ્રી બી. આઇ. દલાલ ધ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ અને ચર્ચામાં ભાગ લઈ તમામનુ ઉત્સાહવર્ધન કરવામાં અવોલ.**





# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા તા.૧૯/૦૬/૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ (૧) ટી.પી.સ્કીમનં.૮(પાલનપોર), ફા.પ્લોટ નં.૧૪૦(SEWS)ના રીઝર્વેશન પ્લોટમાં આવેલ પ્રશાંત નગર સોસાયટીના વિભાગ–૨ ના સબ પ્લોટ નં.૧૨૫ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા ગ્રા.ફલોર + પ્રથમ માળ વાળી મિલ્કતમાં પ્રથમ માળના બીમ–કોલમ તથા સ્લેબ તેમજ ચણતર કામ સહિતનું આશરે ૧૩૦૦.૦૦ ચો.ફૂટ જેટલું સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧૦(પાલ), ફા.પ્લોટ નં.૧૮૮ માં આવેલ સાંઈ રચના સોસાયટીના સબ પ્લોટ નં.૧૩ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા માર્જીનની જગ્યામાં આર.સી.સી.ફુટીંગ, બીમ–કોલમ તથા ચણતર કામ સહિતનું આશરે ૧૫૦.૦૦ ચો.ફૂટ જેટલું કરેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૧૪(પાલ), ફા.પ્લોટ નં.૩૪માં આવેલ સૌરભ સોસાયટીના સબ પ્લોટ નં.સી/૨૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા લોંખડની એંગલ / ચેનલો નાખી પતરા નાખવાનું તથા ચણતર કામ તેમજ ફલોરીંગ કરવા સહિતનું આશરે –૧૮૦૦.૦૦ ચો.ફૂટ જેટલું સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિનાનું ગેરકાયદેસર બાંધકામ કરેલ. સદર ગેરકાયદેસર બાંધકામ તા.૧૯/૦૬/૨૦૧૮ના રોજ દૂર કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર બાંધકામ અન્વયે મિલ્કતદાર પાસે ડિમોલિશન / વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

(૪) આજે તા.૨૦/૦૬/૨૦૧૮ના રોજ ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ)માં આવેલ મધુવન સર્કલ પાસે, ગ્રીન સીટી તરફ જતા રોડ પર ફા.પ્લોટ નં.૮૬ પૈકીમાં આવેલ બિનઅધિકૃત પતરાંના શેડ (નંગ–૨)નું આશરે ૧૬૦૦.૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર બાંધકામ અન્વયે મિલ્કતદાર પાસે ડિમોલિશન / વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના ડે. કમિશ્નરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ૧–ડેપ્યુટી ઈજનેર, ૫–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ટેકનીકલ આસીટન્ટ, ૧–ફોટોગ્રાફર, કુલ–૨૫ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી, ૧–જે.સી.બી. તથા રાંદેર ઝોનનો શહેરી વિકાસ નો સ્ટાફ તથા દબાણના સ્ટાફ સહિત કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી  લઈ સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના પી.આર.ઓ. ડિપાર્ટમેન્ટ અને સોશિયલ મિડીયા દ્વારા એક નવી પહેલ અંતર્ગત સુરત મહાનગરપાલિકાના નવનિયુકત મેયર શ્રી ડૉ.જગદીશભાઈ પટેલ દ્વારા 21 જૂનના 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણી નિમિત્તે એક વિડીયો બનાવી સોશિયલ મિડીયા પર અપલોડ કરવામાં આવ્યો છે. જેમાં માનનીય મેયર શ્રીએ યોગ દ્વારા સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રી એમ.થેન્નારસન, સુરત શહેરના કલેક્ટર શ્રી ડૉ.ધવલભાઈ પટેલ તેમજ સમગ્ર સુરતવાસીઓને ફિટનેસ માટે **#HumFitTohIndiaFit** સાથે પોતાનો યોગ કરતો વિડીયો સોશિયલ મિડીયા પર અપલોડ કરવા માટે ચેલેન્જ કરી છે. જેની સૌ મિડીયાકર્મીઓને જાણ કરવામાં આવે છે.

નોંધ :- સુરત મહાનગરપાલિકાના સોશિયલ મિડીયાની અગત્યની લિંક

1. ફેસબુક https://www.facebook.com/MySuratMySMC/
2. ટ્વિટર https://twitter.com/mysuratmysmc
3. ઈન્સ્ટાગ્રામ https://www.instagram.com/mysuratmysmc/
4. યુ ટ્યુબ https://www.youtube.com/mysuratmysmc

:: પ્રેસનોટ ::

''વિશ્વ યોગ દિવસ ઉજવણી''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ ''વિશ્વ યોગ દિવસ''ની ઉજવણી

યોગ એ માત્ર અભ્યાસ જ નથી એક જીવનશૈલી પણ છે...

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ વ્યકિતત્વને વિશ્વની મહોર સમાન વિશ્વ સમુદાયને ''વિશ્વ યોગ દિવસ'' તરીકે અપનાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ અપીલને સંયુકત રાષ્ટ્ર સંઘએ યોગ સુખી જીવન જવવા માટેનું સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ આપી ૨૧ જૂનને ''વિશ્વ યોગ દિવસ'' તરીકે જાહેર કરવામાં આવતાં સને ૨૦૧૫ના વર્ષથી 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી કરવામાં આવી રહી છે. તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ ચતુર્થ ''વિશ્વ યોગ દિવસ''ની દેશ અને દુનિયામાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જૂન ૨૦૧૮ની સુવર્ણમયી પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની સમજ સાથે સુરત મહાનગરપાલિકાના તમામ કોમ્યુનિટી હોલ, તમામ ઓડિટોરીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, મંદિરના પટાંગણ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૯૯૬ થી વધુ સ્થળોએ યોજાયેલા યોગ કાર્યક્રમમાં પુરૂષો–૪,૦૭,૨૨૧, મહિલાઓ–૨,૬૩,૦૨૪ મળી અંદાજીત કુલ–૬,૭૦,૨૪૫ તથા સુરત મહાનગરપાલિકાની શાળાઓના કુલ–૭૭,૮૨૬થી વધુ વિદ્યાર્થીઓએ વિશ્વ યોગ દિવસે યૌગિક ક્રિયાઓ કરી, યોગના મહાત્મ્યને અપનાવી સ્વીકાર્યુ હતું.

સમગ્ર દેશ અને રાજય માટે આકર્ષણરૂપ ઉજવણી અને અદ્દભૂત–નયનરમ્ય વાતાવરણ સાથે સવારથી જ સૌ નગરજનો સ્વૈચ્છિક રીતે પોતાને અનુકૂળ અને સફેદ વસ્ત્રોમાં સજજ થઈ પોતાના રહેઠાણ નજીકના યોગ કાર્યક્રમ સ્થળે પહોંચી નામની નોંધણી કરાવી, સાથે લાવેલ શેતરંજી, બ્લેન્કેટ, સાદડી કે આસન પાથરી યોગ સાધનામાં સામેલ થયા હતા. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે સવારે ૭.૦૦ કલાકથી શરૂ થયેલ યોગમાં હળવી કસરતથી શરૂ કરી તાડાસન, વૃક્ષાસન, અર્ધ ચક્રાસન, અર્ધ ઉષ્ટ્રાસન, સલભાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, સશકાસન, મકરાસન, ભદ્રાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેનાથી થતા લાભની માહિતી સાથે યોગાસનો કર્યા હતા. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી પ્રાણાયામ કરાવી છેલ્લે શવાસન સાથે ધ્યાનની અનુભુતિ કરાવવામાં આવતાં સૌ કોઈ ઊર્જા–શકિતનો એહસાસ કરતા હતા. શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ સરસાણા ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં યોગાસનો કર્યા હતા. ''વિશ્વ યોગ દિવસ''ની ઉજવણીએ શારીરિક, માનસિક અને વૈચારીક તંદુરસ્તી પ્રદાન કરતી યોગ વિદ્યાને દૈનિક જીવનમાં સામેલ કરી જીવનને ઉત્તમોત્તમ બનાવવા લોકો સંકલ્પબધ્ધ થયા હતા.

ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવા તથા દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે હેતુસર યોજાયેલા આ ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહેર સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન હાઈસ્કુલ અને ખાનગી સ્કુલોના શિક્ષકો, પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્મકુમારીઝ તથા યોગ વિદ્યાની જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા દરેક ઝોનમાં યોગ પ્રશિક્ષણમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓએ યોગની તાલીમ મેળવી યોગ નિદર્શનમાં સહભાગી થયા હતા. શહેરના દરેક નગરજનો આ કાર્યક્રમથી માહિતગાર બની યોગ કાર્યક્રમમાં જોડાય તે માટે ૧૦ જગ્યાઓએ હોર્ડિંગ્સ અને ૨૫૦ જેટલી જગ્યાએ બેનરો લગાડવામાં આવ્યા હતા. સુરત મહાનગરપાલિકાએ તમામ નગરજનોને રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ લઈ યોગ દિવસ ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરતાં સૌ નગરજનો ઉમગભેર સામુહિક યોગ નિદર્શનમાં જોડાયા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા યોગના તમામ સ્થળોએ સાઉન્ડ સીસ્ટમ, લાઈટ–પંખા, પીવાના પાણી જેવી તમામ આનુષાંગિક સુવિધાઓ, ખાસ મેડીકલ ઓફિસર સાથેની મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ જનજન સુધી પહોંચે માટે વિવિધ વર્તમાનપત્રોમાં કાર્યક્રમના સ્થળ સાથેની પ્રેસનોટ આપવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ આ ''વિશ્વ યોગ દિવસ''ની ઉજવણી પ્રસંગે મા.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, શ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રીઓ, ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ આધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શહેરના વિવિધ કલબો–મંડળો, સીનીયર સીટીઝન, રમતગમતના એસોસીએશનો, શહેરમાં આવેલી વિવિધ યોગ સંસ્થાઓએ સુરત મહાનગરપાલિકાને સારો સહકાર પૂરો પાડતાં હજારો લોકોએ ઉત્સાહભેર વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લઈ આ યશસ્વી ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અનુભવતા હતા. ઉપરાંત તંદુરસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન

જીવવા યોગ માટે પ્રેરિત કરવા તથા શાંતિ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીના સંકલ્પ સાથે શહેરના હજારો યોગપ્રેમી નગરજનોએ ઉત્સાહભેર સામુહિક યોગાસન, સાધારણ કસરત પ્રાણાયામ જેવી યોગક્રિયામાં જોડાઈને વિશ્વના ચતૃર્થ વિશ્વ યોગ દિવસની સફળ અને ઐતિહાસિક ઉજવણીમાં ગૌરવભેર ભાગ લીધો હતો.
સમાચારયાદી નં.૧૭૪, તા.૨૧/૦૬/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

















તા.૨૧/૦૬/૨૦૧૮

# <u>પ્રેસનોટ</u>

## મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા રાષ્ટ્રીય કક્ષાના India Smart City Award, 2018 હેઠળ સુરત સ્માર્ટ સીટીને "City Award" એનાયત

કેન્દ્ર સરકાર દ્વારા મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) અંતર્ગત તા.૨૫ જુન, ૨૦૧૫ના રોજ સ્માર્ટ સીટી મિશનની યોજના જાહેર કરવામાં આવેલ. આ યોજના અંતર્ગત ભારત દેશના કુલ ૧૦૦ સ્માર્ટ સીટી પૈકી પ્રથમ ચરણના ૨૦ શહેરોની યાદીમાં સુરત શહેર ચોથા ક્રમે પસંદ થયેલ.

જુન ૨૫,૨૦૧૮ના રોજ સ્માર્ટ સીટી મિશનના ત્રણ વર્ષ પૂર્ણ થનાર છે. સદર મિશનની બીજી વર્ષગાંઠ સમયે સુરત સ્માર્ટ સીટી દ્વારા કુલ ૫૩ કરોડના ૦૫ પ્રોજેકટસ્ લોન્ચ કરવામાં આવેલ. ચાલુ વર્ષ દરમ્યાન રૂા.૬૮.૯૨ કરોડના કુલ ૯ પ્રોજેકટસ્ લોન્ચ કરવામાં આવેલ તથા તા.૨૫/૦૬/૨૦૧૮ના રોજ અંદાજીત રૂા.૫૧.૧૧ કરોડના ૩ પ્રોજેકટસ લોન્ચ કરવામાં આવનાર છે. જેમાં ઈન્ટેલીજન્ટ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ(ITMS), સ્મેક સેન્ટર(સ્માર્ટ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વ્હીકલ ટ્રેકીંગ), વીઝુઅલ ઈમ્પ્રુવમેન્ટ–સ્ટ્રીટ લાઈટનો સમાવેશ થાય છે. આમ સ્માર્ટ સીટી મિશનના ત્રીજા વર્ષના અંતે સુરતમાં સ્માર્ટ સીટી મિશન અંતર્ગત રૂા.૧૭૩.૦૩ કરોડના કુલ ૧૭ પ્રોજેકટસ્ની કામગીરી પૂર્ણ થશે. સુરત સ્માર્ટ સીટીના પ્રોજેકટસ્ અમલીકરણની આ ઝડપી કામગીરી માટે હાલમાં મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા રાષ્ટ્રીય કક્ષાના India Smart City Award,2018 હેઠળ <u>સમગ્ર દેશની ૧૦૦ સ્માર્ટ સીટી પૈકી એક માત્ર સુરત શહેરને</u> "City Award" એનાયત કરવાની ઘોષણા કરવામાં આવેલ છે. <u>જયપુર ખાતે જુલાઈ ૭–૮, ૨૦૧૮ દરમ્યાન મળનાર કોન્ફરન્સમાં સુરત શહેરને આ એવોર્ડ માનનીય પ્રધાનમંત્રીશ્રી ધ્વારા મળે તેવી સંભાવના છે. આ ઉપરાંત સુરત તથા અમદાવાદ શહેરોના ITMS ને સ્માર્ટ મોબીલીટી અંતર્ગત "Project Award" પણ મળનાર છે.</u>

સુરત શહેર માટે સ્માર્ટ સીટી પ્રપોઝલનો કુલ ખર્ચ રૂા.૨૯૦૮કરોડ છે. જેમાં કુલ ૫૮ પ્રોજેકટસ્નો સમાવેશ થાય છે. જે પૈકી હાલમાં અંદાજીત રૂા.૨૦૦૫.૮૬ કરોડના કુલ ૨૬ પ્રોજેકટસ્ કાર્યરત/ પ્રગતિ હેઠળ છે જેમાં ઈન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ મોબીલીટી એડમીનિસ્ટ્રેશન સેન્ટર (IT-MAC), ઓટોમેટિક ફેર કલેકશન સિસ્ટમ(AFCS), ઈન્ટેલિજન્ટ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ (ITCS) અને એરિયા સર્વેલન્સ નેટવર્ક, કનેકટેડ સુરત વાઈ ફાઈ સુરત (ફાઈબર ટુ હોમ–લીઝડ લાઈન),૧૨૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ઝીરો લિકવીડ ડિસ્ચાર્જ, કોમન ટ્રાન્સમીશન લાઈન ,૨૪ × ૭ વોટર સપ્લાય સ્કીમ સ્માર્ટ વોટર મીટર સાથે, આંજણા તેમજ ડિંડોલી ખાતે સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નવીનીકરણ,દૂષિત પાણીનું રીસાયકલ તથા રીયુઝ, વરસાદી પાણીનું સ્ટ્રોમ લાઈન દ્વારા વહન કરી પાણીનું રીર્ચાજીંગ સાથે વીઝુઅલ ઈન્પ્રુવમેન્ટ– સ્માર્ટ રોડ, અફોર્ડેબલ હાઉસીંગ (PMAY અને PPP), કોયલી ખાડીના પુનઃરચના અને રિમોડેલીંગ, ઈનોવેશન ઈન્કયુબેશન સ્ટાર્ટ અપ અને ટ્રેડ ફેસીઝીલીટેશન સેન્ટર (SURATi iLAB) , સ્માર્ટ વેસ્ટ કલેકશન સિસ્ટમ પ્રોજેકટસ્નો સમાવેશ થાય છે.

અંદાજીત રૂા.૨.૭૫ કરોડના કુલ ૦૨ પ્રોજેકટસ્ના ટેન્ડર સ્કુટિની હેઠળ છે. અંદાજીત રૂા.૬૪૮.૬૧ કરોડના કુલ ૦૯ પ્રોજેકટસ્ માટે ટેન્ડર બહાર પાડેલ છે. અંદાજીત રૂા.૫૨.૭૭ કરોડના કુલ ૦૩ પ્રોજેકટસ્ ટેન્ડર લેવલે તથા અંદાજીત રૂા.૨૫ કરોડનો ૦૧ પ્રોજેકટ ડી.પી.આર. લેવલે છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૨૧/૦૬/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૭૩૦ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૬૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૧૬ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૬ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# પ્રેસનોટ

એડી.સીટી ઈજેનરશ્રી(સીવીલ), સેન્ટ્રલ ઝોન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીઓની સીધી સૂચના મુજબ તા.૨૦/૦૬/૨૦૧૮, તા.૨૧/૦૬/૨૦૧૮ અને તા.૨૨/૦૬/૨૦૧૮નાં રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

તા.૨૦/૦૬/૨૦૧૮ ના રોજ વોર્ડ નં.૨/૧૮૫/બ, ૧૮૬/પૈકી અને ૧૮૭/પૈકી વાળી સગરામપુરા, મોટો કુંભાળવાડ ખાતે આવેલ મિલ્કતમાં ગેરકાયદેસર પાંચમાં માળે બાંધકામ દૂર કરી આશરે ૫૦૦ ચો.ફુટ નો સ્લેબ દૂર કરી ડિમોલીશન પેટે રૂ. ૭૫,૦૦૦ વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલ.

તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ વોર્ડ નં.૫/૧૬૨૧ અને ૧૬૨૨ વાળી અંબાબા સ્કુલ, ગુંબજવાળી મસ્જિદ, હરીપુરા ખાતે આવેલ મિલ્કતમાં ગેરકાયદેસર કવર કરેલ માર્જિન વાળા ભાગે પ્રોજેકશન દૂર કરી આશરે ૪૭૫ ચો.ફુટ તથા ચણતરની દિવાલ ૧૫૦ ચો.ફુટ દૂર કરવામાં આવેલ.

તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ વોર્ડ નં. ૨/૨૬૨૨/અ/૧૭ , હિંદુ ગાર્ડન કોલોની, તલાવડી ખાતે આવેલ મિલ્કતમાં આર.સી.સી. સ્લેબ ૫૭૦ ચો.ફુટ, ચણતરની દિવાલ ૧૫૦ ચો.ફુટ તથા પાંચમો અને છઠ્ઠો માળે ગેરકાયદેસર બાંધકામ દૂર કરી ડિમોલીશન પેટે રૂ. ૭૫,૦૦૦ વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલ.

June 22, 2018

# PRESS NOTE

**Surat Smart City's Project Management System Selected for SKOCH Order-of-Merit Award**

Under Government of India's Smart City Mission, various Pan-city and Area-Based Development projects are being implemented by Surat Smart City Development Ltd. (SSCDL). To drive operational efficiency, SSCDL has developed online platform called "Project Management System (PMS)" to view, monitor, record, track and update all details of smart city projects.Objectives to develop this PMS are – to have anywhere anytime online system for monitoring smart city projects' physical and financial progress, create customized reports based on compliance needs and shift towards digitalization of record keeping. It is a totally customized system which has been planned, designed, developed and implemented by SMC and SSCDL.PMS is a web-based application developed in responsive template design and it is compatible with desktop/laptop, tablets, and mobile handsets.

In order to recognise the implementation of PMS, SKOCH Group presented "SKOCHORDER-OF-MERIT" Award to Surat Smart City's Project Management System on June 22, 2018 at New Delhi.

# <u>સુરત મહાનગર પાલિકા</u>

## <u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>

## <u>અખબારી યાદી</u>

# ડ્રાય ડે

## <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે <u>તા.૨૩/૦૬/૨૦૧૮</u> ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

<u>સેન્ટ્રલ ઝોનમાં</u> રાજાવાડી, ખંડેરાવપુરા, ગધેવાન ટેકરો, જમાલશા મહોલ્લો, હબીબશા મહોલ્લો, ઈટવાલાની ચાલ તથા કાદરશાની નાળ જેવા વિસ્તારોમાં, <u>રાંદેર ઝોનમાં</u> બાપુનગર, બોરડી વિસ્તાર,મહાદેવનગર ,ગુજરાત હાઉસીંગબોર્ડ,પ્રશાંત નગર–૧, ૨, લાલુવાડનો ટેકરો, આમલીપુરા જેવા વિસ્તારોમાં, <u>ઉધના ઝોનમાં</u>ભીમનગરપાંડેસરાગામ,સુડાઆવાસ, સત્યનારાયણનગર, ઈશ્વરનગર ,અંબિકાનગર જેવા વિસ્તારોમાં, <u>લિંબાયત ઝોનમાં</u> કમરૂનગર આવાસ નવા અને જુના,મજદા પાર્ક અને ગરીબનવાજનગર,માનદરવાજા ટેના એ અને બી અને સી ,અમીધારાનગર,મોદીએસ્ટેટ, મોર્યાનગર, લક્ષ્મણનગર, દિપાલીપાર્ક,મહાદેવનગર–૧,કિષ્ણાનગર ૧ અને ૨,વૃંદાવનનગર ૧ અને ૨ જેવા વિસ્તારોમાં, <u>અઠવા ઝોનમાં</u> પોલીસ લાઈન, અઠવાલાઈન્સ,પીપલોદ સુડા આવાસ,આભવાગામ હળપતિવાસ,અંબાનગર શનિદેવનું મંદિર,ઘાંચી સ્ટ્રીટ, મગદલ્લા ગામજેવા વિસ્તારોમાં, <u>કતારગામ ઝોનમાં</u> વાલાવાડીગામતળ,રીવરવ્યુસોસા.,અંજીરીયાવાડી,ઈ.ડબ્લ્યુ.એસ.કવાટર્સ,ઉઘાડપગાનીવાડી, પાઠકવાડી, રાજારામકમ્પાઉન્ડ, જુનો નવો હળપતીવાસ, દુર્લભકોલોની, ઈન્દીરા નગર, જોઘલપીર,આવાસ એચ–૫. જેવા વિસ્તારોમાં, <u>વરાછા ઝોનમાં</u> પ્રધાનમંત્રી આવાસ, અમેઝીયા, ઉધરસભૈયાની વાડી, ભકિતનગર–૧,૨, મરઘાકેન્દ્ર, બોમ્બેકોલોની રાવળ ફળિયું,ખાન મહોલ્લો,અમીનાપાર્ક, આશિયાના મંઝીલ, શુકન રેસી.,આંબેડકરઆવાસ,સુભાષનગર, વિષ્ણુપાર્ક,ગંગાનગર સરથાણા ગામતળ, દિવાળીબા સો., રામેશ્વર રેસી., નેશનલપાર્ક, માન સરોવર સો., પશુપાલન સો., ચામુંડાનગર સો. સંતદેવીદાસ સો જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 77796 | 174547 | 483 | 2739 | 1276 | 3864 | 160 | 83400 | 78 | 57608 | 19134 |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

# સુરત મહાનગર પાલિકા
## સ્ટ્રીટલાઈટખાતુ
## પ્રેસનોટ

સુરત શહેર હદ વિસ્તારમાં હાલ કાર્યરત કુલ ૧,૩૬,૨૭૯ થી વધુ સ્ટ્રીટલાઈટોના તેમજ વખતો વખત સ્ટ્રીટલાઈટ માટે ઉભા કરવામાં આવતા પોલને આનુષાંગિક થતા અકસ્માતો નિવારવા જાહેર જનતા દવારા નીચે મુજબનાં મુધ્દાઓ અંગે કાળ રાખી, સહકાર આપવા વિનંતી છે.

**૧.** સ્ટ્રીટ લાઈટ પોલનાં કેબલ, ઓવરહેડ વાયર વિગેરેમાં ઉચા દબાણે વિદ્યુત પ્રવાહ પસાર થતો હોવાથી તેને અડકવું નહી, લંગર બનાવી નાંખવા નહી, બિનઅધિકૃત જોડાણ કરવું નહી, થાંભલા પર ચઢવું નહી કે થાંભલા / વાયર વિગેરેનાં સીધા સંપર્કમાં આવવું નહી તેમ કરવાથી વલેણ અકસ્માત થઈ શકે છે. સ્ટ્રીટ લાઈટ સીસ્ટમ થી સલામત અંતર જાળવવું.

**૨.** સ્ટ્રીટ લાઈટ પોલ સાથે તાર બાંધી તેના પર કપડાં વિગેરે સુકવવા નહી. ખાનગી એજન્સીઓએ સ્ટ્રીટલાઈટ પોલનો આધાર લઈ કેબલ / વાયરપસાર કરવા નહી કે બાંધવા નહી. સ્ટ્રીટલાઈટ પોલ સાથે બેનરો બાંધવા કે કોઈપણ ચીજવસ્તુનું નિર્દેશન કરવા સક્ષમ સત્તાધીશની મંજુરી વગર ઉપયોગ કરવો નહી.

**3.** સ્ટ્રીટ લાઈટ પોલ ન ક કે નીચે કાયમી અથવા હંગામી બાંધકામ કરવું નહી, સ્ટ્રીટલાઈટ પોલ સાથે વાહનો કે પશુ – પ્રાણીઓ બાંધી રાખવા નહી, સ્ટ્રીટલાઈટ પોલની પેટી ( જંકશન બોક્ષ ) ખોલવા નહી કે તેમાં હાથ નાંખવો નહી તથા નાના બાળકોને સ્ટ્રીટલાઈટ પોલ પાસે રમવા દેવા નહી.

**૪.** સ્ટ્રીટ લાઈટ પોલને કોઈપણ માધ્યમથી હલાવવા નહી. કોઈપણ પ્રકારે નુકશાન પહોંચાડવું નહી તથા ખાનગી ઉપયોગ માટે કોઈ પણ વીજળીક ઉપકરણોનું જોડાણ કરવું નહી. આમ કરવું સજાપાત્ર ગુનો બને છે, તેમજ શોર્ટ સરકીટ થવાના, આગ લાગવાના કે વલેણ અકસ્માત થવાની સંભવાના રહે છે, ઉપરાંત જે તે વિસ્તારની સ્ટ્રીટ લાઈટ વ્યવસ્થામાં ગંભીર ક્ષતિ ઉભી થવાને કારણે જાહેર જનતાને મળતા વીજ પ્રકાશના લાભમાં વિક્ષેપ પડી શકે.

તુટી પડેલાં કે બંધ લાઈટ પોલ અંગે નીચે દર્શાવેલ સંપર્ક નંબરો ઉપર તેમજ ઈ–મેઈલ ધ્વારા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર જાણકારી / ફરીયાદ આપી શકાશે. ફરીયાદ આપતાં સમયે સ્ટ્રીટલાઈટ પોલ નંબર દર્શાવવો ઈચ્છનીય છે.

| અનં | ઝોનનું નામ | સમાવિષ્ટ વિસ્તારો | સ્ટ્રીટલાઈટ મેન્ટેનન્સ ઈજારદારોના ૨૪શ૭ સ્ટ્રીટલાઈટ ફરિયાદ નોંધણી નંબર | ઝોનલ કચેરી ના ટેલી. નંબર |
|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ (ઉત્તર) | રાજમાર્ગથી ઉત્તર સાઈડનો તમામ વિસ્તાર | ૯૭૨૩૫૫૩૬૮૫ | ૨૪૨૭૭૨૬, ૨૪૨૩૭૫૧–૫૬ |
| ૨ | સેન્ટ્રલ (દક્ષિણ) | રાજમાર્ગથી દક્ષિણ સાઈડનો તમામ વિસ્તાર | ૮૩૪૭૦૦૦૩૫૧ | |
| ૩ | કતારગામ–૧ | કતારગામ, વેડ, ડભોલી, સિંગણપોર, જી.આઈ.ડી.સી. | ૯૧૫૭૮૧૦૮૪૧ | ૯૭૨૪૩૪૬૦૧૧ થી ૧૩ |
| ૪ | કતારગામ–૨ | અમરોલી, કોસાડ, છાપરાભાઠા, ઉત્રાણ | ૭૫૭૩૦૪૫૯૧૧ | |
| ૫ | વરાછા–૧ | એ.કે.રોડ, ફુલપાડા, હિરાબાગ, કાપોદ્રા, નાના વરાછા, મોટા વરાછા, સરથાણા | ૯૮૨૪૭૫૪૮૯૦ | ૯૭૨૪૩૪૬૦૩૧<br>૯૭૨૭૭૪૦૯૪૬ |
| ૬ | વરાછા–૨ | મગોબ, પુણાસીમાડા, યોગીચોક, લંબે હનુમાન રોડ, કરંજ, ઉમરવાડા | ૯૮૨૪૭ ૫૪૮૮૩ | |
| ૭ | લિબાયત–૧ | ડુંભાલ, આંજણા, પરવટ, ગોડાદરા | ૮૩૪૭૦૦૪૬૧૧ | ૯૭૨૪૩ ૪૬૦૪૯ થી ૫૨ |
| ૮ | લિબાયત–૨ | ડિંડોલી, લિંબાયત | ૭૫૭૩૦૩૮૮૭૭ | |
| ૯ | ઉધના–૧ | ખટોદરા, ગોવાલક, બમરોલી રોડ, ઉધના સંઘ, ઉધના ગામ | ૯૧૫૭૮૧૦૮૫૦ | ૯૭૨૪૩ ૪૬૦૬૦ થી ૬૧ |
| ૧૦ | ઉધના–૨ | વડોદ ગામ, બમરોલી ગામ, ભેસ્તાન, પાંડેસરા | ૯૯૨૪૧ ૪૪૫૫૨ | |
| ૧૧ | અઠવા–૧ | અઠવાગેટ થી જાની ફરસાણ, ઘોડદોડ રોડ, અલથાણ, ભટાર, ખજોદ, સરસાણા, ભીમરાડ, | ૭૦૯૬૦૩૨૪૩૨ | ૯૭૨૪૩ ૪૬૦૧૫, ૧૭ થી ૧૮ |
| ૧૨ | અઠવા–૨ | જાની ફરસાણથી ડુમસ, વેસુ, આભવા ભીમપોર, મગદલ્લા, ગવિયર, રૂંઢ, પીપલોદ | ૯૧૦૪૨૯૨૯૯૯<br>૯૧૦૪૨૯૨૧૦૦ | |
| ૧૩ | રાંદેર–૧ | પાલ, પાલનપોર, અડાજણ | ૭૦૯૬૦૩૨૪૫૦ | ૦૨૬૧૨૭૮૬૧૮૧–૮૩ |
| ૧૪ | રાંદેર–૨ | રાંદેર, રામનગર, વરિયાવ, જહાંગીરપુરા | ૭૫૭૩૦૪૫૯૩૧ | |
| ૧૫ | સ્ટ્રીટલાઈટ(HQ ) | હાઈમાસ્ટ ટાવરમાટે | ૯૮૭૯૬૧૪૮૩૪ | ૨૪૨૨૨૮૫, એક્ષ્ટે–૨૭૧ |
| | | તમામ બી.આર.ટી.એસ. રૂટની સ્ટ્રીટલાઈટ/હાઈમાસ્ટ ટાવર માટે | ૯૬૬૨૪૦૭૨૨૫ | |

**હેલ્પ લાઈન/કસ્ટમરકેર નં.૨૪૫૧૯૧૩–૧૪ એક્ષ્ટે.૩૦૦** (સવારે ૬.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી )પર ફરિયાદ નોંધવા પ્રાધાન્ય આપવા અનુરોધ છે

વેબસાઈટ : www.suratmunicipal.gov.in, કમિશ્નર શ્રી,સુરત મહાનગર પાલિકા ધ્વારા જનહિતમાં પ્રકાશિત.

**સુરત મહાનગરપાલિકા**
**યુ.સી.ડી. વિભાગ**
**અખબારી યાદી**
**પિંકઓટો પ્રોજેકટને સ્કોચ એવોર્ડ.**

યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા – મિશન હેઠળ શહેરી ગરીબ પરિવારોને ગૌરવભેર રોજગાર અને સ્વરોજગાર પ્રાપ્ત થાય તેવા પ્રયાસોકરવામાં આવે છેવિભાગ દ્વારા વંચિત વર્ગ ખાસ કરીને મહિલાઓ અને શહેરી ગરીબ લોકો પર .ડી.સી.આ ઉપરાંત યુ . શહેરી ગરીબ મહિલાઓને રોજગાર મળી .વવામાં આવે છેયોજનાઓ ચલા/ધ્યાન કેન્દ્રિત કરીનેવિવિધ કાર્યક્રમો રહે તે માટે જરૂરિયાતમંદ મહિલાઓને રીક્ષા ચલાવવાની તાલીમ દ્વારા સ્‌વરોજગાર સાથે સાંકળી મહિલાઓનું આર્થિક સશક્તિકરણ કરવાના તથા શહેરમાં મહિલાઓ તથા બાળકોને સ્થાનિક મુસાફરીમાં સુરક્ષિત મસાફરી માટે વિકલ્પ મળી રહે તે હેતુથી પિંક ઓટો પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવેલ, સદર પ્રોજેક્ટ અંતર્ગત સુરત ખાતે થયેલ સફળતાપૂર્વકની કામગીરીને અન્ય શહેરો/નગરોમાં પણ અનુસરણ કરી શકાય તે ધ્યાને લઇ "સ્કોચ એવોર્ડ -૨૦૧૮" માટે નોમીનેશનમોકલવામાં આવેલછે. જે અંગે એવોર્ડના મૂલ્યાંકન જ્યુરી સમક્ષ કરેલ પ્રેઝન્ટેશન તથા પ્રોજેક્ટ અંગે રજુ કરેલ જરૂરી વિગતો ધ્યાને લઇ "પિંક ઓટો પ્રોજેક્ટ"ની "સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ" માટે પસંદગી થયેલ. જે અંગે તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ કોન્સ્ટીટ્યુશનલ ક્લબ ઓફ ઇન્ડિયા, રફી માર્ગ, નવી દિલ્હી ખાતે એવોર્ડ વિતરણ સેરેમનીમાં યુસીડી વિભાગ સુરત મહાનગરપાલિકાના "પિંક ઓટો પ્રોજેક્ટ"ને મા.કેન્દ્રીય મંત્રી, મહિલા અને બાળવિકાસ શ્રીમતી મેનકા ગાંધીની ઉપસ્થિતિમાં "સ્કોચ ઓર્ડર ઓફ મેરીટ" પ્રાપ્ત થયેલ છે.

# :: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના ફોર્મ સ્વીકારવાની તારીખ લંબાવવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૮માં યોજાનાર ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતેથી તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી મેળવી, ભરેલ પ્રવેશપત્રો સાથે ડીપોઝીટની રકમ ₹ ૩,000/–નો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો પે ઓર્ડર / ડી.ડી. તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૩0/0૬/૨૦૧૮ને શનિવારના રોજ સાંજે ૬.00 કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાના રહેશે.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના એડી.સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં.૭, નોંધ નં.૧૧૬૫/અ/૨/૩, રામપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારે સુરત મહાનગરપાલિકાની મંજુરી વિના કરેલ પાંચમાં માળનું આશરે ૭૫૦ ચો.ફુટ જેટલું સેન્ટરીંગ / શટરીંગ, આર.સી.સી. કોલમ તથા ચોથા માળના આશરે ૭૫૦ ચો.ફુટ જેટલો આર.સી.સી. સ્લેબનું બાંધકામ તા.૨૬/૦૬/૧૮ તથા તા.૨૭/૦૬/૧૮ ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**

**ગાર્ડન ખાતુ**

**સુરત મહાનગરપાલિકા**

**વટસાવિત્રી વ્રત ઉજવણી કાર્યક્રમ**

વડના વૃક્ષો ૨૪ કલાક ઓકિસજન આપે છે. તેની સાથે પશુ પક્ષીઓના સાંનીઘ્યના કારણે જૈવિક પર્યાવરણ પણ જળવાઈ રહે છે. વડ માટે ખુબ જ લાભદાયી છે. વડને ભારતના રાષ્ટ્રીય વૃક્ષ તરીકેનું બહુમાન પ્રાપ્ત થયેલ છે. વડનું વૃક્ષ ઔષધીય ગુણો ધરાવે છે તેમજ હિંદુ ધર્મમાં તેનુ ઘણું ધાર્મિક મહત્વ છે. શહેર વિસ્તારમાં વડના વૃક્ષોનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટી રહેલ છે. જેથી આગામી વર્ષથી પ્રથમવાર વટસાવિત્રી વ્રત ઉજવણી મુખ્ય કાર્યક્રમ તા.૨૭/૦૬/૧૮ ના રોજ વેસ્ટ ઝોનમાં સોમેશ્વર મહાદેવ ગાર્ડન, ગોપીનાથ સોસાયટી પાસે, પાલ ખાતે મા.મેયર ડો. જગદીશભાઈ પટેલ (બલર) ના પ્રમુખ સ્થાને અને ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતી રંજનબેન સુંદરલાલ સરતાનપરા (પ્રજાપતિ)ના વરદ્ હસ્તે વડના વૃક્ષોના રોપાણ અને વડના રોપાનું નગરજનોમાં વિતરણ તેમજ સાથે વડના વૃક્ષોના રોપા રોપી અને ઉછેર કરવા માટેની પ્રતિજ્ઞા હાજર સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી રૂપલબેન શાહ, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, શાસક પક્ષના નેતા શ્રી ગિરિજાશંકર વિભુતીનારાયણ મિશ્રા, સુ.મ.પા. ના મ્યુ.સભ્યશ્રીઓ, વિસ્તારના નગરજનો, વિગેરે તેમજ વટસાવિત્રી વ્રત નિમીતે પુજા માટે હાજર બહેનો તથા વિસ્તારના નગરજનોની ઉપસ્થિતિમાં લેવામાં આવેલ હતી. તેમજ વટસાવિત્રી વ્રત નિમીતે ઓકિસજન આપતા વડના વૃક્ષના રોપાનું જે તે ઝોનમાં વટસાવિત્રી પુજન સ્થળેથી વડના વૃક્ષોના રોપાનું પરશિષ્ટિ–અ મુજબના સ્થળેથી વિતરણ કરવામાં આવેલ હતું. સુરત મહાનગરપાલિકાના જે તે ઝોન વિસ્તારમાં ગાર્ડન ખાતા દ્વારા કુલ–૪૮૫૦ નંગ રોપાઓ પૈકી ૧૦૮૮ લાભાર્થીઓને ૩૫૧૭ નંગ વડના રોપાઓનું વિનામૂલ્યે વિતરણ અને મુખ્ય કાર્યક્રમમાં તેમજ જે તે ઝોન વિસ્તારમાં કુલ–૧૩૩૩ નંગ વડના રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

**પરિશિષ્ટ–અ**

| ઝોન | સ્થળ |
|---|---|
| સેન્ટ્રલ | નાવડી ઓવરા, બહુમાળી |
| | પીપરડી શેરી, સલાબતપુરા |
| | આશાપુરી માતા મંદિર, રૂસ્તમપુરા પાર્ટી પ્લોટ |
| | સૈયદપુરા માર્કેટ |
| વેસ્ટ | **સોમેશ્વર મહાદેવ ગાર્ડન – મુખ્ય કાર્યક્રમ** |
| | ગંગેશ્વર મહાદેવ મંદિર |
| | મહાલક્ષ્મી મંદિર |
| | ગાયત્રી મંદિર, મોરાભાગળ |
| | નર્મદેશ્વર મહાદેવ, આનંદનગર સોસાયટી, રાંદેર |
| સાઉથ વેસ્ટ | રાધાકૃષ્ણ મંદિર પીપલોદ |
| | સરોજીની નાયડુ ગાર્ડન પાસે |
| સાઉથ | શાંતેશ્વર ગાર્ડન, પાંડેસરા |
| | ઓમકારેશ્વર મહાદેવ મંદિર, શ્યામજી વર્મા, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | મહર્ષિ આસ્તિક ઋષિ ગાર્ડન, ગોડાદરા |
| ઈસ્ટ–અ | મોટા વરાછા લેક ગાર્ડન |
| | રામજી મંદિર ઓવારા પાસે, નાના વરાછા |
| | ધરમનગર શાંતીકુંજ, ફુલપાડા |
| ઈસ્ટ–બ | વીર ભગતસિંહ ગાર્ડન, વસંતભીખાની વાડી પાસે |
| નોર્થ | શ્યામવાડી શાંતીકુંજ |
| | ડભોલી લેક ગાર્ડન |
| | કાંસાનગર લેક ગાર્ડનની પાછળ, કતારગામ ગામતળ |
| | આંબાતલાવડી, કતારગામ |


સુરત મહાનગરપાલિકા
૨૭ જૂન ૨૦૧૮, વટ સાવિત્રી
વડના રોપાઓનું વૃક્ષારોપણ




વટ સાવિત્રી ઉજવણી નિમિત્તે
વૃક્ષારોપણ



# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે કેટેગરી EWS-1 સ્કીમના ૪૬૨ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ ડ્રો માન.મેયરશ્રી ડૉ.જગદીશભાઈ પટેલના વરદ્હસ્તે આજરોજ સરદાર સ્મૃતિભવન,વરાછા,સુરત ખાતે સંપન્ન થયેલ છે.

આ પ્રસંગે માનનીય ડે.મેયર શ્રી નિરવ એસ.શાહએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગૌરવ લઈ શકાય તેવા અને રાજય સરકારે આપેલા લક્ષ્યાંક કરતા પણ વધારે આવાસ સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ છે. ખાનગી બિલ્ડર કરતા પણ વધારે સારી ગુણવત્તાવાળા મકાનો સુરત મહાનગરપાલિકા લોકોને આપે છે.જે લોકો ભાડાના મકાનમાં રહે છે જેમને ઘર ખાલી કરવાની ચિંતા છે આવા લોકોને મકાનો ફાળવવામાં આવશે જે મકાનોની કિંમત ૬૦ થી ૭૦ લાખ છે આવા મકાનો સુરત મહાનગરપાલિકા ૧૦ થી ૧૨ લાખમાં આપે છે.

આ પ્રસંગે માન.મંત્રી(રાજય કક્ષા),આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)નું માન.મેયર ડૉ.જગદીશ પટેલે શાલ અને ફુલ આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ ફુલ અર્પણ કરી સ્વાગત કરેલ.

આ પ્રસંગે માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત લોકોને મકાન ફાળવવામાં આવ્યા અને ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેન રહેલ શ્રી વિવેકભાઈ પટેલના હસ્તક પણ હજારો મકાનો ફાળવવામાં આવેલ.૨૦૨૨ સુધીમાં દેશનો એક પણ નાગરિક ઘર વગરનો ન રહે તેવુ અમારુ લક્ષ્યાંક છે ખાનગી મકાન અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થનાર મકાનમાં સામ્યતા જોવા મળશે આ મકાનો સુવિધાયુકત બનાવવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.મેયર ડૉ.જગદીશભાઈ પટેલે તેમના ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે લોકો પોતાનું ઘર કેટલીવાર બનાવી શકે છે એક વખત અથવા કોઈ ચાર કે પાંચ વખત પણ બનાવી શકે છે પરંતુ જે એકપણ વખત ન બનાવી શકે તે પણ નસીબદાર છે કે જેમને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન મળનાર છે. લોકોના ઘરનું સ્વપ્ન સાકાર કરવામાં સુરત મહાનગરપાલિકા મહત્વની કામગીરી કરી છે.વ્યકિતના પોતાનું જ નહિ તેમના ભાઈ,સંગા–સંબંધિ, મિત્રો વગેરેનુ પણ ઘરનું ઘર બને તે સ્વપ્નને સુરત મહાનગરપાલિકાએ સાકાર કર્યુ છે. અન્ય શહેરની કોઈપણ મહાનગરપાલિકાની સરખામણીમાં સુરત મહાનગરપાલિકાએ સૌથી વધારે મકાનો ફાળવ્યા છે.ઝુંપડપટ્ટીની જગ્યાએ સારા મકાનો પુરા પાડીને તેમનું જીવનધોરણ પણ ઉચુ આવ્યું છે આ કામગીરીમાં મહત્વનો ભાગ સુરત મહાનગરપાલિકાએ ભજવ્યો છે.આપણે પોતે આ મકાનોમાં રહેવા જવાના હોય એવુ ધ્યાન રાખીને સુરત મહાનગરપાલિકાએ મકાનો બનાવ્યા છે આ ડ્રોમાં પસંદગી પામનાર તમામને શુભકામનાઓ પાઠવું છે અને જેઓ ડ્રો માં પસંદગી નથી પામ્યા તેમણે નિરાશ થવાની જરૂર નથી તેમણે અન્ય સ્કીમોમાં ફરીથી ફોર્મ ભરી પ્રયત્નો કરવા જોઈએ.

આ પ્રસંગે માન.મંત્રી (રાજય કક્ષા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણીએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે ભારતીય જનતા પાર્ટી જે બોલે છે તે કરી બતાવે છે.ગુજરાતની જનતાને વંદન છે જે વિકાસને સ્વીકારે છે છઠ્ઠી વખત શાસન કરવાનો મોકો આપ્યો છે.દરેક નાગરિકને ઘર મળે તે દિશામાં સરકાર પ્રયત્ન કરી રહી છે.જાતિવાદ કે સમાજને જોયા વગર સૌનો વિકાસ થયો છે.વિકાસના કામમા આપણે જોડવું પડશે આપણે શહેરને સ્વચ્છ રાખવુ પડશે.સુરત મહાનગરપાલિકાના વહીવટીતંત્ર અને પદાધિકારીઓએ ગાર્ડન, ઓડિટોરીયમ, બ્રિજો જેવા અનેક પ્રકલ્પો લોકોને સમર્પિત કર્યા છે.સૌનો સાથે સૌનો વિકાસને ધ્યાનમાં રાખીને વિકાસનો માર્ગ અપનાવ્યો છે.સુરત મહાનગરપાલિકા જે પ્રકલ્પો લોકોને અર્પણ કરે છે તેની જાળવણી કરવાની જવાબદારી નાગરિકોની છે.આપણે સૌ સાથે મળીને દેશને મજબુત બનાવીએ અને જાગૃત નાગરિક બનીએ

આ પ્રસંગે માન.મેયર શ્રી જગદીશભાઈ પટેલ તથા માન.મંત્રી (રાજય કક્ષા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી તથા અન્ય મહાનુભાવોના વરદ્હસ્તે આવાસોનો કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો કરવામાં આવેલ.

તથા કાર્યક્રમનું સમાપન માન.નેતાશ્રી શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા ધ્વારા કરવામાં આવેલ તથા તેમણે તમામ ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો

આ કાર્યક્રમમાં માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવડીયા,માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલ ગોપલાણી,માન.દંડક શાસક પક્ષ શ્રીમતી દક્ષાબેન જરીવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ,પ્રેસ–મીડીયાના કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ સૈયદપુરા વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૨૦૩,૨૨૦૪ વાળી મિલ્કતમાં અરજદાર સજજદાનશીન સૈયદ ઝૈન વલદે સૈયદ મો.બાકર અલ એદ્રુસ દ્વારા આર્કીટેકટ/સ્ટ્રકચર એન્જીનીયર શ્રી સૈયદ એમ.સલીમ યુસુફ દ્વારા સેન્ટ્રલ ઝોન ખાતે સી.ઝેડ/આ.નં.૧૬૨, તા.૩૦/૧૦/૧૫ થી બાંધકામના પ્લાન મંજુર કરાવેલ. અરજદાર દ્વારા મંજુર પ્લાનની વિરુધ્ધ બાંધકામ કરતા હોવાનું જણાતા તે બાબતે સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન દ્વારા નોટીસો પાઠવવામાં આવેલ. સદરહુ મિલ્કતમાં રીવાઈઝ વિકાસ પરવાનગીની અરજી કરવામાં આવેલ ત્યારે આ મિલ્કત આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના કેન્દ્રીય સંરક્ષિત સ્મારક ''ટોમ્બ ઓફ ખ્વાજા સફર સુલેમાની'' ના રેગ્યુલેટેડ વિસ્તારમાં આવતી હોવાથી આર્કીયોલોજીકલ વિભાગનું એન.ઓ.સી. રજુ કરવા બાબતે મજકુર આર્કીટેકટશ્રીને જણાવેલ. જે અંગે તેઓશ્રી દ્વારા પૂર્તતા કરવામાં આવેલ ન હતી તેમજ ઉકત એન.ઓ.સી. મેળવવા બાબતે અરજી કરેલ/કરાવેલ નથી તથા ગેરકાયદેસર બાંધકામ દુર કરવા/કરાવવા બાબતે પણ પગલાં લેવામાં આવેલ નહિ. આમ આર્કીટેકટ/સ્ટ્રકચર એન્જીનીયર તરીકેની ફરજ અદા કરવામાં નિષ્ફળ ગયેલ શ્રી સૈયદ એમ.સલીમ યુસુફના ને ટીડીઓ/ઈ.આર./૫૭૪ થી રજીસ્ટર્ડ આર્કીટેકટ એન્જીનીયર અને ટીડીઓ /એસ.ટી.ડી.આર./૨૯૩ થી સ્ટ્રકચર ડીઝાઈનર તરીકેનું સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ લાયસન્સ પણ તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા.૨૮/૦૬/૧૮ ના પત્ર નં.સે.ઝોન/આ.૧૭૯૨ થી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

**પૂ.શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત**
**" શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"**

**વિષય : પૂજય શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"**

પૂજય શ્રીમોટા, હરિ:ૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"** સાથે **શહેરના ૧૩ થી ૫૦ વર્ષની વયના દિવ્યાંગ વ્યકિતઓની પુરૂષ વિભાગમાં "તરણ સ્પર્ધા"નું** આયોજન તા.૦૪/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને હરિ:ૐ આશ્રમના પ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર આ સ્પર્ધામાં સમયસર હાજર રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા શહેરના ૯ થી ૧૩ વર્ષની વયના બાળતરણવીરોને તેમજ ૧૩ થી ૫૦ વર્ષની વયના દિવ્યાંગ તરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

**સમાચારયાદી નં. , તા.૦૨/૦૭/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૨/૦૬/૨૦૧૮ થી તા.૨૮/૦૬/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૯૬૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૦૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# : પ્રે સ નો ટ :

## કરંજ વિસ્તારમાં આવેલ ન્યુ બરોડા પ્રિસ્ટેજ, નાનાવરાછા શકિતવિજય સોસાયટી તથા સીમાડા વિસ્તારમાં આવેલ કૃષ્ણનગર પશુપાલન વસાહતનાં રીટર્ન ચેકનાં બાકી નાણાં ભરપાઈ ન કરતાં સીલ મારતું વરાછાઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં નાનાવરાછામાં રવિપાર્ક સોસાયટીનાં પ્લોટ નં.૧૨૫ માં રીટર્નચેક પેટે રૂા.૫૩,૩૭૪/– તેમજ શકિતવિજય સોસાયટીનાં પ્લોટ નં.૬૯૫ તથા પ્લોટ નં.૬૪૬ તથા સીમાડા વિસ્તારમાં કૃષ્ણનગર પશુપાલન વસાહતનાં પ્લોટ નં.૩ તથા ૪ તથા ન્યુ બરોડા પ્રિસ્ટેજમાં આવેલ પ્લોટ નં.૩૭–૩૮ વાળી મિલકત પેટે સને ૨૦૧૭–૧૮ નો મ્યુ. વેરા પેટે ચેક આપવામાં આવેલ. જે રીટર્ન થતાં તેમજ ઘણાં લાંબા સમયથી મિલકતવેરો રૂા.૧.૧૪ લાખથી વધુ જેટલી રકમ ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી મિલકતવેરાનાં નાણાં ન ભરાતાં આસી.મ્યુ. કમિશનરશ્રી (વરાછાઝોન) નાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી મિલકતને સીલ મારતાં નાનાવરાછાની રવિપાર્ક સોસાયટીનાં કરદાતાએ તેમજ ન્યુ બરોડા પ્રિસ્ટેજમાં આવેલ પ્લેટ નં.૩૭–૩૮ નાં માલિકોએ સ્થળ ઉપરજ રીટર્ન ચેકનાં નાણાં બેંક ચાર્જ સહિત ભરપાઈ કરતાં મિલકતનું સીલ ખોલી નાંખવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ મિલકત વેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી બાકી કરદાતાઓને બાકી નીકળતો મિલકતવેરો તેમજ વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

:::::::::::

**જનસંપર્ક વિભાગ**

# પ્રેસનોટ

**સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે તેમજ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ " મેલેરીયા વિરોધી માસ" કાર્યક્રમ અંતર્ગત ડ્રાય–ડે ની કામગીરી, ખાનગી ખુલ્લા પ્લોટ તેમજ બાંધકામના ધારકો સામે આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–**

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા વેસ્ટઝોન (રાંદેર)ના ડે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા અને લોકોમાં મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વેસ્ટઝોન (રાંદેર)ના અડાજણ, પાલ, પાલનપુર, પાલણપોરગામ તેમજ રાંદેર યુનિટના હદ વિસ્તાર પ્રાઈમ આર્કેડની સામે થી અડાજણ પમ્પીંગ સુધી, ગ્રીન એવન્યુવાળા ઈ.ડ.એસ. આવાસ, રવિધારા, નીલધારા, સાવન રો હાઉસ, સૌરભ સોસા., ઠાકોર ધ્વાર વિ–૦૩, ગોપાલ કૃષ્ણ સોસા., માધવપાર્ક, સાઈડ એન્ડ સર્વિસ ઈ.ડ.એસ. કવાર્ટસમાં ડ્રાય–ડેની કામગીરી કરતાં કુલ–૧૦,૧૦૧ ઘર સર્વે, કુલ–૪૦ બ્રિડીંગનો નાશ કરાવેલ અને ખુલ્લા જણાયેલ પડતર કુલ કન્ટેનરો– ૧૪૫ નો નિકાલ કરાવેલ, કુલ–૩૧ ઈસમોને નોટીસ તે પૈકી કુલ–રૂા.૧૨,૨૦૦/– મચ્છર જન્ય બ્રિડીંગ મળતાં ઈસમો પાસે થી વહીવટી ખર્ચ વસૂલાત લેવામાં આવેલ. ખુલ્લાં પ્લોટ તેમજ બાંધકામ ધારકોને વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા આગોતરી જાણ કરવામાં આવેલ હોવા છતાં તે મુજબ અમલ ન કરતાં ઈસમો ના પ્લોટ તેમજ બાંધકામના ધારકો મળી કુલ– ૪૨,૦૦૦/– ઈસમો સામે કરવામાં આવેલ ખાતાકીય કામગીરી સબબ વહીવટી વસૂલાત ખર્ચ પેટે એમ મળી કુલ – રૂા. ૫૪,૨૦૦/– (અંકે ચોપ્પન હજાર બસો) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે.

આથી તમામ બાંધકામ અને ખાનગી ખુલ્લાં પ્લોટ ધારકોને વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ પ્લોટમાં તેમજ બાંધકામમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે પ્લોટમાં તેમજ બાંધકામમાં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરમાં આવેલ નીચે જણાવેલ સ્થળો પરથી દુધના ફેરીયાઓ પાસેથી દુધના નમુના લેવાની કામગીરી કરવામાં આવેલ છે. જે નમુનાઓ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં. | સ્થળ | લીધેલ નમુના |
|---|---|---|
| ૧. | સુરભી ડેરી ચાર રસ્તા પાસે, અડાજણ, સુરત | – ભેંસનું દુધ<br>– ભેંસનું દુધ |
| ૨. | ભકિતનગર સોસા., કતારગામ, સુરત | ભેંસનું દુધ |
| ૩. | વરાછા મેઈન રોડ, સુરત | ગાયનું દુધ |
| ૪. | પર્વત પાટીયા, સુરત | નેચર ડીલાઈટ ગાયનું દુધ |

# સુરત મહાનગર પાલિકા
# વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
# અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૩૦/૦૬/૨૦૧૮** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં રાણાશેરી, મપારાશેરી, ભઠીશેરી અને દુધારાશેરીનો વિસ્તાર, ખંડેરાવપુરા મેઈન રોડ, કુવાવાડી, ખાખી બાબાનો ટેકરો, તાકપુરા, હબીબશા મહોલ્લાનો વિસ્તાર જેવા વિસ્તારોમાં,રાંદેર ઝોનમાં પ્રાઈમ આર્કેડની સામે થી અડાજણ પમ્પીંગ સુધી,ગ્રીન એવન્યુવાળા ઈ.ડ.એસ. આવાસ, રવિધારા,જેવા વિસ્તારોમાં, ગોપાલ કૃષ્ણ સોસા.,માધવપાર્ક,સાઈડ એન્ડ સર્વિસ ઈ.ડ.એસ. કવાર્ટસઉધના ઝોનમાપંચશીલનગર,દુર્ગાનગર,વિજયાનગર–૨,એચ–૧૫ આવાસ (બી બ્લોક),સુખીનગર,હમીદનગર અને નુરાની પાર્ક,બાવરી સમાજ ઈ.ડબલ્યુ.એસ. આવાસ. જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં નુરાનીનગર,આજાદચોક,નુરેઈલાહીનગર,રેલરાહતકોલોની,રાજીવનગર,આશાનગર,પ્રિયંકાનગર,સોનીયાનગર,શ્રમજીવીસોસા,જગન્નાથનગર,યોગેશ્વરનગર,અંબિકાનગર, કૈલાશનગર,સાંઈનગર, કલ્પનાનગર,કલ્પના રો હાઉસ.જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં આદર્શ પછાતવર્ગ, યુ.પી.નગર,અમીધારા,આર્શીવાદ એપાર્ટ., પાણીની ટાંકી વાળા ઈ.ડ.એસ.કવાટર્સ, સિવીલ હોસ્પિટલબોયઝહોસ્ટેલ,એસ.એમસ.સીજેવાવિસ્તારોમાં,કતારગામઝોનમાંક્રિસ્મતકોલોની,હરિધ્વારસોસાયટી,ફુલવાડીઝુ.પ.,ગૌતમનગર,ઈન્દિરાનગર, શાંતિનગર, ઉત્કલનગર, હળપતીવાસ, તાપીનગર, જગદીશનગર, રામનગર, જેવા વિસ્તારોમાં,

–વરાછા ઝોનમાં પ્રધાનમંત્રી આવાસ, ખાડી મહોલ્લો, વસંતભાઈની ચાલ,અશોકનગર, તાસનીવાડી, જાડાબાવાનો ટેકરો, એકતાનગર, લાલબાવાનો ટેકરો, રાણાપંચની વાડી,મરઘાકેન્દ્ર, બોમ્બે કોલોની જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 83758 | 197122 | 518 | 3105 | 1296 | 3367 | 267 | 89800 | 5065 | 59743 | 20537 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

**વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત "૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"**

સુરત મહાનગરપાલિકા દ્વારા સાહિત્ય અને કલાનગરી તરીકે જાણીતા સુરત શહેરના કલાકારોને અને રંગભૂમિને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર ઉમદા હેતુસર છેલ્લા ૪૫ વર્ષથી નાટ્ય સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન થઈ રહ્યું છે. સુરત મહાનગરપાલિકાની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકે તે માટેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતે તા.૩૦/૦૬/૨૦૧૮ સુધી ઉપલબ્ધ હતા. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પર પણ ભાગ લેવા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મૂકવામાં આવ્યા હતા. જેના પ્રવેશ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૩૦/૦૬/૨૦૧૮ સુધીમાં નીચે મુજબની કુલ–૨૨ નાટ્ય સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મળેલ છે.

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|
| ૧ | દિપ આર્ટસ્ | આખરી દાવ | જય દિ. દીક્ષિત |
| ૨ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ | સ્વપ્નીલ પાઠક |
| ૩ | આશિયાના પરિવાર | એક સપનાનું ઘર | કશ્યપ જોષી |
| ૪ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | પંકજ પાઠકજી |
| ૫ | રાજગ્રુપ થીયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | બાલ ભગવાન | રાજેશ પાન્ડેય |
| ૬ | ઑફ બીટ થિયેટર | કુક્કૂ ડાર્લિંગ | અજય મારડિયા |
| ૭ | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ | ગીરીશ સોલંકી |
| ૮ | એક્ષપ્રેશન ગૃપ | કારાગાર | મિહિર પાઠક |
| ૯ | સેવેન પ્રોડકશન | અધૂરો ઓરડો | ઉર્જીતા કિનારીવાળા |
| ૧૦ | થર્ડ બેલ થિયેટર | સુર્ય કી અંતિમ કિરણ સે સુર્ય કી પહેલી કિરણ તક | પ્રતિક એ.શુકલ |
| ૧૧ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે | દેવાંગ જાગીરદાર |
| ૧૨ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ |
| ૧૩ | સંભવ ગૃપ | અમારા જેવો કોઈ નહિ | વિશાલ જરીવાલા |
| ૧૪ | યુવા આર્ટસ્ | આતમના ઉતારા | યશ ઉપાધ્યાય |
| ૧૫ | વંશાલી ગ્રુપ | લક્ષ્યવેધ | ચેતન પટેલ |
| ૧૬ | પરમ | મનુ દામજી | ડૉ.પજ્ઞેશ પંડિત |
| ૧૭ | કે.ડી.એન્ટરટેઈનર્સ | શિરચ્છેદ | જાવિદ કાઝી |
| ૧૮ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ | કૃણાલ પારેખ |
| ૧૯ | સ્માઈલ ડીઝાઈન | તમસ (એક ઘોર અંધકાર) | ડૉ.વિદુર ગોટાવાલા |
| ૨૦ | કૃ | છેદ વિચ્છેદ | કેતન રાઠોડ |
| ૨૧ | શૈલ થિયેટર | એક હતું જંગલ | શૈલેન્દ્ર વડનેરે |
| ૨૨ | સ્કોપા કોલેજ | જિલ્લે સુબ્હાની | દિનકેશ કનાડિયા |

## :: પ્રેસનોટ ::

**પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત**
**" શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"**

વિષય : પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"

પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"** સાથે **શહેરના ૧૩ થી ૫૦ વર્ષની વયના દિવ્યાંગ વ્યકિતઓની પુરૂષ વિભાગમાં "તરણ સ્પર્ધા"નું** આયોજન તા.૦૪/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને હરિઃૐ આશ્રમના પ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર આ સ્પર્ધામાં સમયસર હાજર રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા શહેરના ૯ થી ૧૩ વર્ષની વયના બાળતરણવીરોને તેમજ ૧૩ થી ૫૦ વર્ષની વયના દિવ્યાંગ તરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૨/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

રાંદેરઝોનમાં પાલનપુર ગામમાં ફાયર સ્ટેશનની સામે ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવો જોવા મળતા વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦૦/– વસુલવામાં આવેલ હતા.

–રાંદેરમાં કોઝવે રોડ પર રોયલ રેસીડન્સીની સામે ટાયરનું ગોડાઉન માં ટાયરમાં પાણી જોવા મળતા

રૂા.૧૧૦૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલવામાં આવેલ હતા.

–રાંદેરમાં કોઝવે રોડ પર ભંગારવાળા ગોડાઉનમાં પાણી ભરાવાના લીધે રૂા.૧૦૦૦/– /– વહીવટી ખર્ચ

પેટે વસુલવામાં આવેલ હતા.

–પાલમાં આવેલ રેસ્ટોરન્ટમાં મચ્છરજન્ય પરિસ્થિત માટે રૂા.૩૦૦૦ પેટે વસુલવામાં આવેલ હતા.

અઠવાઝોનમાં યુ.પી.નગર, હળપતિવાસ, પ્રજ્ઞાનગર, ઈન્દિરાનગર, ગજ્જરવાડી, નિર્મળનગર શિવનંદન વગેરે વિસ્તારમાં ૭૨૨૦ ઘર માં ૧૯૫૩૮ સ્પોટ સર્વે કરતા કુલ ૬૭ બ્રિડીંગ મળેલ હતા. તેમજ ૫૧ નોટીસ આપવામાં આવેલ હતી અને ૧૩ ઈસમો પાસેથી રૂા.૩૦૦૦૦ વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ હતો.

નોર્થઝોનમાં જીલાની બ્રિજ, લંકાવિજય ઓવારો, જી.આઈ.ડી.સી. માં આવેલ ભંગારના ગોડાઉનમાં પાણીભરાવાને લીધે ૧૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તથા રૂા.૭૧૫૦ વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ હતો.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**